**આધ્યાત્મિક વિકાસની નવી જ ક્ષિતિજ ખોલતું ગુજરાતી માસિક**

છૂટક નકલ ૬-૦૦ વાર્ષિક લવાજમ દેશમાં રૂા. **૨૫/–** આજીવન **૨૫૧/–**

વિદેશમાં વાર્ષિક રૂા. **૫૦૦/** (વિમાનથી) આજીવન **૫૦૦૦/–**

- **સંસ્થાપક : પ. પૂ. યોગેશ્વરજી** સર્વમંગલ ચે. ટ્રસ્ટ (રજી. અમદાવાદ).
- **તંત્રી–સંપાદક :** શ્રી નારાયણ હ. જાની.
- **પ્રકાશન અને પ્રાપ્તિસ્થાન :** 'અધ્યાત્મ' પ્લોટ નં. ૧૬૮૮ બી. સરદારનગર, ભાવનગર–૧. ફોન : **૨૫૬૫૮૧૧,૨૫૭૨૫૦૨**
- ADHYATMA email Addres: adhyatma_editor@yahoo.co.in
- You can know about Shree Mahatmaji & Shree Maa from Website "SWARGAROHAN.ORG"
- **અધ્યાત્મના સહાયક સ્વજનો :** ૧. ડો. બી. જે. જાગાણી, ૨. શ્રીગોરધનભાઈ કલોલા (કલ્યાણ) અને ૩. શ્રી જ્યોત્સ્નાબેન બી.ત્રિવેદી.
- **તંત્રી, મુદ્રક અને પ્રકાશક :** નારાયણ હ. જાની.
- **મુદ્રણસ્થાન :** રાધેશ્યામ પ્રિન્ટીંગ પ્રેસ, ૫૩/૫૪ સી-૧, બોરડીગેટ, ભાવનગર-૧

**★ લેખકોને નિમંત્રણ ★**

- અધ્યાત્મમાં લેખો, ભજના ૅક ૅગીતા ૅમોકલાવવા લેખકોને નિમંત્રણ છે. અધ્યાત્મની
- લખાણ કાગળની એક બાજુ ને સારા મોટા અક્ષરે લખેલું હોવ ું જરૂરી છે. બીજાં સામયિકોમાં પ્રસિદ્ધ થયેલ લેખોની નકલો ન મોકલાવવા વિનંતી છે.

**★ અધ્યાત્મ અંગે સૂચનો ★**

- ગ્રાહકોને ગ્રાહક નંબર સરનામા સાથે લખવામાં આવે છે તે નોંધી લેવો.
- 'અધ્યાત્મ' જો આપને ગમ્યું હોય તો આપના પરિચિત વર્ગમાં તેના ગ્રાહકો વધે તેવું આપ કરતાં રહેશો.
- લવાજમ માટે મનીઓર્ડર, ડીમાન્ડ ડ્રાફ્ટ–ડૉ.બી.જે.જાગાણી, ૨૪–નાલંદા ટેનામેન્ટ, હિલડ્રાઈવ, ભાવનગર(ફોન-૨૪૭૧૨૩૦)ને મોકલવા વિનંતી છે.
- 'અધ્યાત્મ' દર માસની ૧૭ તારીખે પ્રસિદ્ધ થશે. કોઈ કારણે એકાદ અઠવાડિયા સુધી અંક ન મળે તો સ્થાનિક ટપાલ કચેરીમાં તપાસ કર્યા પછી અત્રે જણાવવું. સિલિકમાં હશે તો જરૂર મોકલી અપાશે.
- પત્રવ્યવહાર કરતી વખતે ગ્રાહક નંબર લખવાથી વધુ સરળતા રહેશે.
- 'અધ્યાત્મ' અંગે કોઈ સૂચનો કરવાના હોય તો નિઃસંકોચ કરવા અનુરોધ છે.
- આગલા મહિનાના અંત સુધીમાં જે ગ્રાહકોનાં નામ અત્રે મળી જશે, તેમને તે પછીના મહિનાની તા. ૧૭ મી એ અંક રવાના કરવામાં આવશે.

- You can know about Shree Mahatmaji & Shree Maa from Website "SWARGAROHAN.ORG"

# c અનુક્રમણિકા c


| | | |
|---|---|---|
| સદ્ભાવભરી અભિનંદનીય સહાય | મા સર્વેશ્વરી | ૩ |
| મનઃપૂતં સમાચરેત્ | યોગેશ્વરજી | ૪ |
| શ્રી યોગેશ્વર કથામૃત | મા સર્વેશ્વરી | ૬ |
| Pujya Maa– As I Saw & understan | Bhavna Bhakta | 10 |
| પૂ.માનું મને સાંપડેલું દર્શન | અનુ. નારાયણ હ. જાની | ૧૫ |
| પૂ.શ્રીમાની સંનિધિકેરા સાગરનાં હરિરસમાં સ્નાન | ડૉ. બી. જે. જાગાણી | ૨૦ |
| ગુરુ અને શિષ્ય | સંકલન : ઝિંઝું વાડિયા કનૈયાલાલ | ૨૭ |
| પ્રશ્નોત્તરી | યોગેશ્વરજી | ૩૦ |
| My Participation in sat–karmas & Their importance that I realised | Suresh Narsai | 34 |
| સત્કર્મોમાં મારું સહભાગીપણું– ને તેની ઉપયોગીતાની પ્રતીતિ | અનુ. નારાયણ હ. જાની | ૩૭ |
| બીજમંત્રોના ગૂંઢાર્થો | 'બ્રહ્મર્ષિ' જનાર્દન દવે | ૪૧ |
| વિદેશની ધરતી પર પૂ.માની યાત્રા | મા સર્વેશ્વરી | ૪૫ |
| શ્રીરામકૃષ્ણદેવને કાલીનું દર્શન | નારાયણ હ. જાની | ૫૧ |
| પૂ. માની નિત્યનોંધ | મા સર્વેશ્વરી | ૫૬ |
| રસેશ્વરી | શ્રી યોગેશ્વરજી | ૬૦ |

# શુભેચ્છાભરી અભિનંદનીય સહાય

**માતૃશ્રી કમળાબેન મોહનલાલ ગાંધીની પુણ્ય સ્મૃતિમાં.**

**આપના બાળકો**

**(૧) શ્રી અનસુયાબેન**

**(૨) શ્રી ચંદ્રકાન્તભાઇ**

**(૩) શ્રી આશીતભાઇ**

**(૪) શ્રી સુજાતાબેન**

**(૫) શ્રી જાગૃતિબેન**

**આ માસનો આ અંક આપના ચરણે અર્પણ કરી આપની વિશેષતાને વંદન કરીએ છીએ.**

**—મા સર્વેશ્વરી**



# મનઃપૂતં સમાચરેત્

**—શ્રીયોગેશ્વરજી**

સામાન્ય રીતે એવું જ દેખાય છે. માનવીને જે કાંઇ કરવાની ઇચ્છા થાય છે, આકાંક્ષા જાગે છે, એને એ કરી નાંખે છે. એનો અમલ તરતજ, બને તો વિપળનાય વિલંબ વિના કરવા માંડે છે. તે કામ સારું છે કે નઠારું, કરવા જેવું છે કે નથી કરવા જેવું, ઉત્તમ છે કે અનુત્તમ, એનો વિચાર ભાગ્યે જ કરે છે. કેટલીકવાર એને લીધે હર્ષાન્વિત બને છે તો કેટલીકવાર શોકગ્રસ્ત. કોઇવાર લાભ મેળવે છે તો કોઇવાર નુકશાન. કોઇવાર ઉન્નતિ પામે છે તો કોઇવાર અવનતિ. કોઇવાર ઉલ્લાસને અનુભવે છે તો કોઇવાર પશ્ચાતાપની પાવક જ્વાળામાં જલવા લાગે છે.

જીવનમાં જે પણ કર્મોનું અનુષ્ઠાન કરાય તે શાંતિપૂર્વક કરાય એવી આવશ્યકતા છે. જે કાંઇ થાય એ આવેશ અથવા ઉશ્કેરાટમાં ના થાય પરંતુ પૂરતા વિચાર સાથે આવેશ રહિત બનીને થાય એનું ધ્યાન રાખવાનું છે. માનવને મન મળ્યું છે. ચિંતનશક્તિ સાંપડી છે. નિત્યાનિત્યને, શુભાશુભને સારાસારને, શ્રેય—અશ્રેયને સમજવાની નીરક્ષીરબુદ્ધિ મળી છે. એ એનો સમ્યક્ ઉપયોગ કરે એવી અપેક્ષા રખાય છે. માટે જ કહેવામાં આવ્યું છે કે મનઃપૂતં સમાચરેત્ અર્થાત્, જે પણ આચરણ કરવામાં આવે તે મનથી પવિત્ર કરીને, નિર્મળ અથવા ઉદાત્ત બનાવીને કરવું. જે કરીએ એને આંખ મીંચીને કરવાને બદલે મનની એરણ પર ઘસીને કરવું.

મનઃપૂતં સમાચરેત્ શબ્દોનો બીજો સામાન્ય ભાવાર્થ પણ

લઈ શકાય. એ ભાવાર્થ મન લગાડીને કર્મને કરવાનો છે. જે પણ કર્મ કરવામાં આવે તે કર્મ પૂરતા ઉત્સાહથી, બળથી, ભાવથી કરવું જોઈએ.

એ બંને ભાવાર્થીનો સમન્વય કરીને કહી શકાય કે પ્રત્યેક કર્મ ઉત્સાહ, લગન, ખંત, બળપૂર્વક વિવેકશક્તિનો પૂરેપૂરો ઉપયોગ કરીને કરવું જોઈએ. એવું કર્માનુષ્ઠાન માનવને માટે મંગલમય બની શકે. સુખશાંતિપ્રદાયક થઈ શકે.


જેને જેને અધ્યાત્મક્ષેત્રે કંઈક પામવું છે તેણે તેણે પોતાની રીતે ઉપર ઊઠતાં રહેવું પડશે. તો જ સમાંતરે બકનળીનો સિદ્ધાંત કામ કરશે. —મા

ફોન : દુકાન : ૨૨૫૮૮૧૨ ઘર : ૨૬૬૪૦૭૮
મોબાઈલ : ૯૩૭૪૭૧૦૩૦૪

**દીપક સી. મહેતા**

**કૃષ્ણા ફિલ્મ્સ એન્ડ સ્ટુડિઓ**

૧, શ્યામ એપાર્ટમેન્ટ, કાકડીઆ કોમ્પ્લેક્ષ પાસે,
ઘોડદોડ રોડ, **સુરત**-૩૯૫૦૦૧





# અધ્યાત્મ

વરદ હસ્ત પ્રભુ તમારો, સદાય રહેજો જીવન સહારો

—મા સર્વેશ્વરી

વર્ષ : ૩૨ માર્ચ—૨૦૧૦ અંક ૬


## શ્રી યોગેશ્વર કથામૃત

—મા સર્વેશ્વરી

**મંગળવાર તા. ૨૩—૨—૮૨**

**સ્થળ : ૫૫, અરૂણોદય સોસાયટી, અલ્કાપુરી, વડોદરા**

સવારે દરરોજની જેમ નિત્યક્રમ રહ્યો. બપોરની મુલાકાત દરમ્યાન મસુરીની સામાન્ય વાતો થઈ. ગાંધી નિવાસ સોસાયટીના બંધારણની ત્યાંની સભાની કાર્યવાહીની વાતો થઈ.

ભોજન આજે પણ લીધુ, પણ એમાં આજે પૂ.શ્રીએ લાડુ લીધા.

મુલાકાત બાદ બે પત્રો પૂ.શ્રીએ લખાવ્યા. આજે આરામબાદ પ્રખ્યાત ગૌભક્ત શંભુમહારાજની ભાગવત સપ્તાહમાં તેમના આયોજકના આમંત્રણને માન આપીને જવાનું બન્યું.

પૂ.શ્રીએ ૦ાા કલાક પોતાનું ભાગવત ઉપર જ વક્તવ્ય

આપ્યું.

૬ાા વાગ્યે કારેલીબાગ નિવૃત્તિ કોલોનીમાં આજે સત્સંગ હોવાથી ત્યાં જવાનું બન્યું. ત્યાં ફૂલહારથી સ્વાગત થયું.

પછી વળી સત્સંગ શરૂ થયો. તે પહેલા શ્રી યોગેશ્વર બાવનીનો સમૂહપાઠ થયો. પ્રશ્નોત્તરી શરૂ થઇ.

પૂ.શ્રીઃ— અંધમાન્યતામાં વિવેકનું પીઠબળ ન હોય. સદ્‌વિચારોથી વિવેક પ્રગટે તે વિવેકમાંથી સાચી સમજણ પ્રગટે તે સમજપૂર્વકનો વિશ્વાસ તે શ્રદ્ધા. એવી શ્રદ્ધા માનવનું કલ્યાણ કરે. જે શ્રદ્ધા વિવેકના પીઠબળવાળી હોય. શ્રી રામકૃષ્ણ દેવના ભક્તોમાં શ્રી ગિરીશચંદ્ર ઘોષને એવી શ્રદ્ધા હતી. તેઓ કહેતા રામકૃષ્ણ ભગવાન જ છે.

કેનેડામાં એવા એક શ્રદ્ધાળું ભાઇ મળ્યા કે જેઓ જાણે અમારી જ રાહ જોઇને ન બેઠા હોય? પ્રથમવાર જ પરિચય થયો પણ કેવી શ્રદ્ધા. પ્રથમ પરિચયે પ્રભુ જ સંબોધન!

મા સર્વેશ્વરી એમની શ્રદ્ધાભક્તિના એક બે પ્રસંગો કહી સંભળાવશે.

જેથી સર્વેશ્વરી પૂ.શ્રીની પાસે જ બેઠાં હતાં, તેમણે કેનેડાના શ્રી સુરેશભાઇ પરીખની વાતો સત્સંગમાં કહી સંભળાવી.

ત્યાર પછી શ્રોતાઓને કંઇ પૂછવું હોય તો પૂછો એમ પૂ.શ્રીએ કહ્યું, છતાં સૌ શાંત જ રહ્યા.

એટલે પૂ.શ્રીએ કહ્યું. તમે કોઇ પ્રશ્ન ન પૂછો તો હવે હું પૂછું. સાચા સંતો સાધના કરીને દિવ્યશક્તિથી સંપન્ન બને છે. એવું કંઇક તમે અનુભવ્યું હોય તો કહો એમ કહી સર્વેશ્વરી તરફ



પૂ.શ્રીએ સૂચક દ્દષ્ટિપાત કર્યો.

સર્વેશ્વરીએ ત્રણચાર પ્રસંગો પૂ.શ્રી યોગેશ્વરજીની દિવ્ય શક્તિના કહી સંભળાવ્યા.

પછી બે પ્રશ્નો પૂછાયા.

પ્રશ્નઃ— આ જન્મે સાથે હોય તે બીજા જન્મે સાથે આવે જ.

પૂ.શ્રીઃ— એનો બધો જ આધાર માનવના કર્મના સંસ્કાર ઉપર છે. નદીમાં લાકડા સાથે ક્ષણવાર ભેગા થાય. છૂટા પડે કોઇ વળી ગોડાઉનમાં ભેગા થાય. કોઇ તરત જ ભેગા થાય. પણ કર્મ સંસ્કારો જેના શેષ હોય તો તે સાથે આવે.

પ્રશ્નઃ—અંત સમયે જે આ જન્મે ગુરુ હોય તે જ બીજા જન્મે પણ મળે એવી ભાવના રાખે તો તે મળે.

પૂ.શ્રીઃ—ઋણાનુબંધ હોય તો ભેગા થાય. ભગવાન મંજૂર રાખે તો ઠીક છે. કોઇ પણ ઇચ્છા ન રાખો. ઇચ્છા જ દુઃખદાયક છે. ઇચ્છા રાખીને તે ફળી તો તે ઇચ્છાઓ વધે. ઇચ્છાઓ ન ફળી તો દુઃખ વધે. ઇચ્છા રાખો તો સાથે એવી તાકાત રાખો કે ઇચ્છા પૂરી ન થાય તો પણ સ્વસ્થ રહી શકાય. હિંમત ધારી શકાય. પ્રભુ જે કરે તે સારું જ કરશે એવો વિશ્વાસ રાખો.

સમય પૂરો થયો. શ્રી કુન્દનબહેન સહિત સૌ ભાઇબહેનોએ રામકૃષ્ણની સ્તુતિ ગાઇને ધૂન બાદ શાંતિપાઠ કર્યો. સૌ પ્રણામ કરવા આવ્યા.

એક ભાઇ પૂ.શ્રીના શ્રી ચરણોનું પ્રક્ષાલન કરવા ખાસ નર્મદા જળ લાવ્યા હતાં. પણ પૂ.શ્રીએ નર્મદા જળની શીશી હાથમાં લીધી, ખોલી. નર્મદા માતા છે એને ચરણે શા માટે?

માથે ચઢાવીએ. એમ બોલતા બોલતા માથા ઉપર નર્મદાજળ નાંખ્યું. ને પછી કપાળ ઉપર હૃદય ઉપર પગ ઉપર ખૂબ પૂજ્યભાવે તે નર્મદાજળ છાંટ્યું.

નર્મદાજળ લાવનારભાઇને ખૂબ આનંદ ને સંતોષ થયો. સૌ વિદાય થયા. પૂ.શ્રી પણ ઉતારા ઉપર સમય ઉપર આવી ગયા.

સેવ મમરાનો હળવો નાસ્તો લીધો. દૂધ લીધું. પછી આરામ કર્યો.

(ક્રમશઃ)

જે શરીરનું સાત્ત્વિક સુખની પ્રાપ્તિમાટે તપઆદિવડે દમન કરવું જોઇએ તે શરીરનું મનુષ્યો શા માટે રાગપૂર્વક લાલનપાલન કરતાં હશે? સાકરની ઈચ્છાવાળા મનુષ્યો શેરડીના સાંઠાની પૂજા કરતાં હોય એવું કોઇ જગ્યાએ જોવામાં આવતું નથી. શરીરના દમનથી જે સાત્ત્વિક સુખ પ્રકટે છે તે શાશ્વત હોય છે ને લાલનપાલનથી પ્રકટતું સુખ વિનાશી અને દેહાભિમાનની વૃદ્ધિ કરનારું હોય છે.

('શ્રીવૈરાગ્યશતક'માંથી)



# Pujya Maa–as I saw & understand

**Bhavna Bhakta**

My most Adored and Beloved Maa

I have been extremely fortunate to have so many opportunities to be in the company of P. Maa. And each opportunity has been a blessing in more ways than I can know. Each time I learn something more of myself. I am inspired by P. Maa and as of late I learn to see P. Maa and understand a deeper dimension of her. This is truly only possible with her Grace for who am I to know anything or understand anything, especially about P. Maa.

So what is my insight about P. Maa this time? This time I got to see, "Maa's life as an open book" and now I see that truly her life is completely an "open book". I have been in contact with P. Maa since I was about 13 years of age through correspondence and later through personal contact for short periods of times. But all during these years I always saw Maa as the guru sitting upon her asana. I heard about her disciplines, her devotion, her goals, her determination and her love which every single one of us feels when we come anywhere near her physical presence. I had even heard Maa's voice through letters that she had written to other devotees giving them guidance, etc.

Pretty much I knew a very spiritual Maa through everything and everyone around Maa.

However, this time I got to experience her spirituality, her simplicity, her genuine energy and her love simply by being around her and watching her in everyday surroundings, in her own home... Swargarohan and in Ahemdabad.

The Maa that I experienced on my trip to India this time and during the time I spent with her during the Saptak in Ahemdabad is no different than the Maa I had glimpsed before. But this Maa was more than everything I had ever heard of, read of or even personally seen or known. I saw the idealistic Maa in my mind's eye become a very real, tangible being filled with nothing more than love; a love so great that each of us keeps running back to her craving more and more of this delightfully blissful feeling, seeking to be the perfect child for our Mother.

She is the epitome of goodness, of positive energy of love and these are the very living qualities she spreads with every step that she takes in every place that she visits.

In Swargarohan, she organizes the satkarma and teaches us to be thankful for the opportunity to serve the needy, she teaches us to give with respect by bowing down with gratitude to those whom we serve, she teaches us to work with a passion for the Divine by interweaving prayer into each and every act that we



engage in, she teaches us to enjoy our free time by engaging in activities that promote positive thinking and positive energy such as reading inspirational books, participating in plays and doing garba, she teaches us to work in harmony with each other by putting aside all of our differences and working towards a greater common good of bettering our community and ourselves through helping the needy and spending time daily in prayer and silence, she teaches us to be organized in our efforts by showing us how to pay attention to the smallest details in the work we do whether we are setting up tables with Prasad to be distributed to the needy or whether we be setting up the tarps for devotees to sit upon, she reminds us that giving is important but giving to the most needy by what is most needed is more important than handing over an envelope filled with money unaware of how that money is used and most importantly she reminds us to laugh and live in happiness knowing that God is with us at all times.

During the satkarm, I saw P. Maa to do a task because there was no one to tend to the work at hand and no work is too small or too big for Maa. I saw P. Maa bend down and pick up the blankets as the task was not being done efficiently and perfection in everything we do is one of Maa's messages to us. I saw Maa smilingly be physiclly present even though her body was stricken with fevers and fatigue as her

body feels the limitations of the physical but her spirit exceeds all limitations. I saw Maa never once forget to praise the work of all those devotees silent and non silent for their efforts as Maa sees and promotes the strengths and positive qualities in everyone and everything around her. I saw Maa remind us of ways to improve our attitude when we were misguided as Maa is not only our loving Mother who points out our flaws but also our loving Mother who seeks to mould her children to perfection. I saw Maa make the children laugh as well as instilling the values of an incredible work ethic filled with joy and passion as Maa is truly a child at heart and does everything in her power to teach us to stay connected to our true childhood spirit within each of us. I saw Maa praise our elderly by asking them to share their wisdom with us as Maa is extremely humble and quick to remind us to learn from all great and inspirational things and people around us. I saw Maa make us laugh after a long day's work as she feels and knows the limitations of all of her children. I saw Maa's Love flow to her devotees, young and old, male and female, known and new... I saw Maa's Love for all of humanity, for all of nature's creatures and for mother earth herself....!

In Ahemdabad, during the saptak I saw my Maa... the one who loves and appreciates music, talent and beauty in all artists. I saw her moved by certain artists, inviting them so that she could meet with them and



then blessing them with all of her love and good wishes for their continued future success. I saw my Maa sitting in the crowds as an ordinary member of the audience, on the floor with all of us... simply eager to be saturated by the power and gift flowing through each of these artists. I saw my Maa lose herself in the music of great artists. Through the saptak I experienced my Maa through the universal language of music... which invokes feelings of love and devotion.

During this trip I truly believe that Maa became mine... as I only yearn to completely be hers.

Thank you Maa for granting me the opportunity to spend such precious moments with you and granting me the sight to see you in all these beautiful forms!

ઈન્દ્રિયો બહિર્મુખ હોય તો ભોગ સહજ. એ અંતર્મુખ હોય તો યોગ સહજ. —મા

**આ દિવસો પણ ચાલ્યા જશે.**

**સ્થાપત્ય કન્સ્ટ્રક્શન**

**પ્રો. મનીષ હરિભાઈ ભોજાણી,**

**બિલ્ડર્સ એન્ડ ડેવલપર્સ,**

મધુર કોમ્પ્લેક્ષ, શનાળા રોડ, મહારાજા ટાઈલ્સ સામે,

**મોરબી**—૩૬૩૬૪૧.

ફોન : (ઓફિસ) ૨૨૧૩૮૧, (રહેઠાણ) ૨૩૦૨૨૨.

# પૂ. માનું મને સાંપડેલું દર્શન

(અંગ્રેજી લેખનો અનુવાદ) અનુ : તંત્રી

હું ખરે જ ભાગ્યશાળી છું કે મને પૂ. માના સન્નિધ્યમાં આવવાની ઘણી બધી તકો સાંપડી છે અને દરેક તક હું જાણી શકું તે કરતાં વધારે રીતે આશીર્વાદરૂપ બની છે. દર વખતે મને મારી જાત વિષે પૂ. માના સાન્નિધ્યથી કંઇ ને કંઇ વિશેષ શીખવા મળ્યું છે. પૂ. મામાંથી હું પ્રેરણા પ્રાપ્ત કરું છું અને છેલ્લે તો પૂ. માને એ રીતે જોઉં છું કે જેનાથી પૂ. માની આંતરિક વિશાળતાને સમજી શકું, જો કે મારે કબુલ કરવું જોઇએ કે પૂ. માની કૃપાને લીધે જ એ શક્ય બન્યું છે, નહિ તો મારું તો શું ગજું કે પૂ. મા જેવાની કોઇ વાતને હું સમજી શકું?

તો આ વખતે પૂ. મા અંગેની મારી આંતરિક સમજ શું છે? આ વખતે મારે એ જોવું છે કે પૂ. માનું જીવન સાચે જ એક ખુલ્લી કિતાબ જેવું છે અને હવે મને પ્રતીતિથાય છે કે સાચે જ તે ‘‘ખુલ્લી કિતાબ’’ છે, હું માત્ર ૧૩ વર્ષની હતી ત્યારથી જ પૂ. માના સંપર્કમાં આવી છું, તે પહેલાં પત્રોદ્વારા ને પાછળથી થોડા સમયમાટેના પણ વ્યક્તિગત સંપર્કથી. પણ આ બધા વર્ષો દરમ્યાન મેં પૂ. માને ગુરુની જેમ આસનસ્થ જોયાં છે. મેં એમની શિસ્ત, ભક્તિ, ધ્યેયો, મક્કમતા અને એમનો પ્રેમ જેને આપણામાંથી જેઓ તેમના અંગત સંપર્કમાં આવ્યા છે તે સહુએ માણ્યો છે. અરે, મેં તેમનો અવાજ પણ સાંભળ્યો છે, તેઓએ બીજા ભક્તોને માર્ગદર્શન આપતા લખેલ પત્રો દ્વારા. આમ પૂ. માની આસપાસ રહેતી વ્યક્તિઓ તેમજ દરેક વસ્તુઓના લીધે પૂ. માની આધ્યાત્મિકતા અંગેની થોડી સમજ મને પ્રાપ્ત થઇ છે.



આમ છતાં આ વખતે પૂ. માને સ્વર્ગારોહણ (અંબાજીના) તેમજ સત્યપથ—અમદાવાદના તેમના પોતાના આવાસોમાં એમના રોજિંદા વાતાવરણમાં નીરખતાં એ જાણવા મળ્યું કે એમની આધ્યાત્મિકતા અને સાદાઇ કેવાં છે તેમજ એમની ખરી શક્તિ તથા પ્રેમ કેવાં છે.

મારા ભારત આવવાના પ્રવાસમાં તેમજ અમદાવાદ ખાતેના સપ્તકના કાર્યક્રમ દરમ્યાન પૂ. માનું મેં જે પહેલાં દર્શન કરેલું તેમાં જરાય ફેર ના લાગ્યો, છતાં આ મા વિષે મેં જે વાંચેલું, સાંભળેલું, પ્રત્યક્ષ જોયેલું કે જાણેલું તે બધા કરતાં જરૂર વિશેષ લાગ્યું.

એક આદર્શવાદી માની મારી કલ્પના હતી, તે વ્યહવારમાં પણ મને સાવ સત્ય લાગી; એટલું જ નહિ પણ વાસ્તવિક જીવનમાં ફક્ત પ્રેમ સિવાય બીજું કશું ન હોય. જે ઉત્તમ પ્રેમ દરેકને તેમની પાસે સતત ખેંચતો રહે છે એટલું જ નહિ, પણ દરેક તે વધુમાં વધુ તેને પ્રાપ્ત થાય તેની સ્પૃહા પણ કરતા રહે છે. આ પ્રેમ સાચે જ દિવ્ય તેમજ સાત્ત્વિક સુખદાયક છે; જે પૂ. માના આદર્શ બાળક બનવા માટે પ્રયત્ન કરવાની સાધકોને પ્રેરણા ધરતો રહે છે.

પૂ. મા સારાપણાની સાક્ષાત્ પ્રતિમા જેવાં છે; પ્રેમનું વિધેયાત્મક સ્વરૂપ છે, એટલું જ નહિ પણ તેઓ જ્યાં જ્યાં વિચરણ કરે છે, ત્યાં ત્યાં તેમની આસપાસ આ ગુણોનો પ્રસાર થતો રહે છે.

સ્વર્ગારોહણમાં પૂ. મા જે સત્કર્મનું આયોજન કરે છે તે પાછળનો પૂ. માનો હેતુ અભાવગ્રસ્તોને મદદરૂપ થતી વખતે આપણે તેઓનો આભાર માનીએ તે શીખવવાનો છે. એટલે જ પૂ. મા આપણને સૂચના આપે છે કે આપતી વખતે લેનારને

આભાર વ્યક્ત કરતાં પ્રણામ કે નમન કરીને આપો, વળી કોઈપણ કામ કરો તેમાં પરમાત્માના ભાવને પ્રાર્થના દ્વારા ભેળવીને કરો. પૂ. મા આપણને આપણા નવરાશના સમયને એ રીતે પ્રવૃત્તિઓમાં પ્રયોજવા જણાવે છે જેમાંથી હકારાત્મક વિચારો ને શક્તિ પ્રાપ્ત કરવાની પ્રેરણા મળતી રહે તેમજ રાસગરબા કે બીજી રમતોમાંથી નિર્દોષ આનંદ પ્રાપ્ત થતો રહે. વળી એકબીજા સાથે સંવાદ સાધીને સહકારથી કામ કરો જેનાથી સમાજને ફાયદો થાય, વ્યક્તિગત મતભેદોને સામાન્ય હિત માટેના કામોમાં આડે આવવા ના દો. સમયનો એ રીતે ઉપયોગ કરો કે જે દ્વારા જરૂરિયાતમંદોને ફાયદો પહોંચતો હોય અગર તો મૌન રાખી પ્રભુ સાથે પ્રાર્થના દ્વારા જોડાયેલા રહેવાય.

પૂ. મા એ પણ શીખવે છે કે આપણા પ્રયત્નો આયોજન બદ્ધ હોવા જોઈએ એટલું જ નહિ પણ કામમાં ઝીણામાં ઝીણી બાબતો વિષે આપણુ ધ્યાન રહેવું જોઈએ. પછી ભલેને એ કામ સત્કર્મ માટે ટેબલ પર વહેંચવાની વસ્તુઓ ગોઠવવાનું હોય કે ભક્તોને બેસવા માટે શેત્રંજીઓ પાથરવાનું હોય. પૂ. મા આપણને એ પણ શીખવે છે કે આપવું એ ખરે જ સારું છે, પરંતુ ખરા અભાવગ્રસ્તોને શોધીનો તેમને આપવું વધારે સારું છે. કવરમાં પૈસા ભરીને કોઈને દાન કરવામાં આવે તો આપણને ખબર નથી કે એ પૈસા લેનાર એ રકમ શામાં ખર્ચશે? છેલ્લે પૂ. મા એ પણ શીખવે છે પ્રભુ સદૈવ આપણી સાથે છે એની સભાનતા કેળવી હંમેશા સુખપૂર્વક હસતાં હસતાં જીવો.

સત્કર્મ દરમ્યાન મેં જોયું કે એક કામ કરવા માટે કોઈ હાજર ન હતું. પૂ. માને મન તો કોઈપણ કામ નાનુંય નથી કે મોટું ય નથી. પૂ. માએ જોયું કે ગરીબોને આપવાના કામળાને પહોંચાડવાની વ્યવસ્થા બરાબર નથી તો તુરત જ પૂ. માએ



નીચા નમી કામળા યોગ્ય રીતે પહોંચાડવા માંડ્યા. પૂ. માનો એ સંદેશ રહ્યો છે કે દરેક કામ યોગ્ય ચોક્સાઇ ને પૂરી કુશળતાથી થવું જોઈએ. મેં એ પણ જોયું કે પૂ. માનું શરીર ખૂબ તાવ તેમજ થાકથી ધગતું હોય છતાં પણ એમના મુખ પરનું સ્મિત એવું જ હોય. એથી એવું લાગે તેમના શરીરને તે તકલીફો મર્યાદિત કરી શકતી નથી. કોઈ પણ ભક્તે જાહેરમાં કે પડદા પાછળ રહીને નાનું સરખું કામ કર્યું હોય તો પૂ. મા કદી પણ તેને બીરદાવવાનું ચૂકતાં નથી. આમ તેઓ સાધકમાં રહેલા સારા ગુણોને સશક્ત કરતાં રહે છે. પૂ. માને કંઈક એવું દેખાય કે આપણું વર્તન કોઈક પ્રત્યે ગેરસમજ ભર્યું છે, તો તેઓ એક લૌકિક માતાની જેમ આપણી ભૂલ દર્શાવે, તો કોઈક ભૂલ પ્રત્યે ધ્યાન દોરી કાર્ય શ્રેષ્ઠ શી રીતે થાય તે પણ સમજાવે, પૂ. મા આપણને ખૂબ હસાવે તે સાથે કામમાં નિષ્ઠા કેવી હોવી જોઈએ, તે પણ કહે. પૂ. મા સાધકોમાં બાળક જેવી સહજ અને નિર્દોષ વૃત્તિ રહે તે માટે પણ માર્ગદર્શન આપે, સાથે એવું ઇચ્છે પણ ખરાં કે એમના સાધકો જીવનભર બાળસહજ નિર્દોષ અને પવિત્ર બની રહે, તે માટે બધું જ કરી છૂટે, કારણ કે પૂ. મા પોતે હૃદયથી એક નાના બાળક જેવાં નિર્દોષ અને સહજ છે.

પૂ. મા વડીલોને પણ વખાણે છે અને તેમને પોતાના ડહાપણભર્યા અનુભવોની લ્હાણ અમારા જેવા બીજા યુવાનોને કરવા સૂચવે છે. પૂ. મા સાચે જ ખૂબ નમ્ર છે અને એથી જ આપણી આસપાસ જે પ્રેરણાસ્પદ વ્યક્તિઓ કે વસ્તુઓ હોય તેમાંથી બોધ ગ્રહણ કરવા તત્પર રહેવા સૂચવે છે. આખા દિવસના શ્રમયુક્ત સાધકોને પૂ. મા હસાવીને હળવા કરી દે છે, કારણ કે બધા જ સાધક—બાળકોની શારીરિક મર્યાદાઓનો એમને ખ્યાલ છે. પૂ. માનો પ્રેમ સદૈવ બધા જ સાધકો પ્રત્યે એક

સરખો જ વહેતો રહે છે, તેમાં નથી કોઇ નાના મોટાનો, સ્ત્રી કે પુરુષોનો તેમજ નવા કે જૂનાનો ભેદ. અરે, પૂ. માનો પ્રેમ તો સૃષ્ટિના સર્વ માનવો ને જીવો પ્રત્યે—આ ધરતી માતા પ્રત્યે પણ—એક સરખો અભિવ્યક્ત થતો મેં જોયો છે.

અમદાવાદ ખાતેના (જાન્યુ. ૧૦ના) સપ્તકના સંગીતના કાર્યક્રમમાં મેં જોયું કે પૂ. માને સંગીત પ્રત્યે કેવો પ્રેમ છે, તેમજ કળા અને સૌંદર્યના તેઓ કેવાં ચાહક છે. કેટલાક સંગીતકારોની રજૂઆતોથી પૂ. મા એવાં તો ખુશ થઇ જતાં કે તેમને મળીને આશીર્વાદ ધરતાં કે ભવિષ્યમાં તેઓ તેમની કળાને વધુ ઉત્કૃષ્ટ રીતે રજૂ કરી યશ પામે. પ્રેક્ષકોના ટોળાઓની વચ્ચે પૂ. મા બધાની વચ્ચે એક જન સાધારણ તરીકે જમીન પર વિરાજતાં અને દરેક સંગીતકાર પોતાની જે સંગીતની કૃતિ રજૂ કરે તેને માણતાં.

પૂ. મા સંગીતના મહાકલાકારોને સંગીતને માણવામાં એવાં તો મગ્ન થઇ ડૂબી જતાં કે પોતાના અસ્તિત્વનું ભાન પણ ભૂલી જતાં હોય તેમ લાગ્યું. સપ્તક દરમ્યાન ભક્તિ અને પ્રેમની લાગણી જન્માવતા સંગીતને વૈશ્વિક ભાષારૂપે પૂ. માને માણતાં મેં જોયાં.

ભારતની આ વખતની મારી મુલાકાત દરમ્યાન મને એવું લાગ્યું કે પૂ. મા જાણે મારાં જ છે, કારણ કે મારી એ આંતરિક ઝંખના છે કે હું પૂ. માની જ બની રહું.

આપની કિંમતી પળોને માણવાની તેમજ આપના જીવનના સુંદર પાસાઓનું નિરક્ષણ કરવાની હે મા, મને જે તકો સાંપડી તે બદલ આપનો ખૂબ ખૂબ આભાર—પ્રણામ.



# પૂ. શ્રીમાની સંનિધિકેરા સાગરના હરિરસમાં સ્નાન

ડૉ, બી. જે જાગાણી

તા. ૨૭/૧૨/૨૦૦૯નું પ્રભાત પ્રગટ્યું છે. પૂ.શ્રીમાની કૃપાની વર્ષાનું પ્રભાત તો આ પર્વમાં ક્યારનુંય પ્રગટી ગયું છે, અરે! રોજ રોજ પ્રગટી જ રહ્યું છે. સવારની બેઠકમાં પ્રણામ પૂજા ને મંત્રગાન કરીને સવારનો નાસ્તો કરીને ભક્તો સત્કર્મના યજ્ઞમાં મગ્ન બની રહ્યા છે. ભક્તિમય વાતાવરણ કરનારું મધુર સંગીત વાગી રહ્યું છે. સેવક ભક્તો દાન માટેની વસ્તુઓ ટેબલ પર ગોઠવી રહ્યા છે. જાણે યજ્ઞની સામગ્રી. હા! તે જ છે. માનવતાના યજ્ઞની, જઠરાગ્નિને તૃપ્ત કરવાના યજ્ઞની, માનવ શરીરની રક્ષાના યજ્ઞની સામગ્રીઓ છે. સરસ મહોત્સવનું વાતાવરણ બની રહ્યું છે.

સાધકોના હૃદયનો ઉમંગ મુખ પર જોઇ શકાય છે. પૂ.શ્રીમા પોતાના નિવાસમાં સાધનામાં રત છે. એ નિયમો પૂર્ણ થાય એટલે સત્કર્મના સ્થાને બેઠક પર પૂ.શ્રી મા બિરાજે છે. આ રોજનો ક્રમ છે. સત્કર્મોની વચ્ચે પણ સાધનાના નિયમો પણ અખંડપણે પૂ.શ્રીમા પાળે જ છે. સત્કર્મો અને સાધનાના નિયમોનું પાલન જીવરૂપી સિક્કાની બંને બાજુઓ જ છે. બંનેને પૂર્ણ ન્યાય મળે છતાં બંનેથી અલિપ્ત રહે ને તેનો કોઇ ભાર નહીં. ખુલ્લું ને અલિપ્ત જીવન દર્શાવવા જ જાણે સંનિધિ પર્વની ઉજવણી થઇ રહી છે.

વિડિયોગ્રાફી કરીને રસિક ભક્તો પૂ.શ્રીમાની આ લીલાભરી

સ્મૃતિને જીવંતપણે સાચવવા પ્રયાસ કરી રહ્યા છે. થોડા ભક્તો કુટિયાની પ્રદક્ષિણા કરી રહ્યા છે. કોઇ કુટિયામાં પ્રાર્થી રહ્યા છે. કોઇ પાઠ કરી રહ્યા છે. કોઇ એક–મેકને મળી રહ્યા છે. કોઇ સત્સંગ કરી રહ્યા છે. રસોડાની સેવામાં બહેનો વ્યસ્ત છે. નાનાં નાનાં બાળકો હીંચકી રહ્યાં છે. ભારત ને વિદેશ વચ્ચે સેતુ બનીને લીલા કરી રહેલાં પૂ.શ્રીમાની સાધનાની, લીલાની, ભક્તિની, દિવ્યતાની ને કૃપાની વાતો કરીને ધન્યતા અનુભવનારા સાધકો પણ સત્સંગ જ કરી રહ્યા છે. વિદેશના બાળકો લાભાર્થી બાળકોને દરવાજાની બહાર જઇને પાણી પીવરાવી રહ્યાં છે. પૂ.શ્રીમાના પ્રેમથી અભિપ્રેરિત થયેલું એ પાણી પીને તૃપ્ત થઇ રહ્યાં છે. સંતોષ ને હાશ દર્શાવી રહ્યાં છે. બસ! હવે પૂ.શ્રી મા પધારે છે ને નિત્યક્રમ મુજબ નવ મંત્ર ગાનથી યજ્ઞ શરૂ થાય છે. આજનો યજ્ઞ શ્રીદિનકરાય વશીના સ્મરણાર્થે પવિત્રા–દેવાંશી મહેતાના મુખ્ય સહયોગથી થઇ રહ્યો છે. પૂ.શ્રીમા સ્લેટ પર લખે છે. ''દિનકરભાઇની બંને દીકરીઓ પવિત્રા–દેવાંશી, હિના–દિપકભાઇ સ્ટેજ પર આવે. આ બંને દીકરીઓ સરખી જ દેખાય છે. ઘરમાં એક ને જીન્નુ ને બીજીને ટિંકુ કહે છે. જીન્નું મોજીલી છે પણ ઘણી વિશેષતા સાથે જન્મી છે. એનું ચિત્રકામ એ કલાકાર છે એવી ઓળખ આપે છે. આજે તો અમારી પાસે સુરતનું એક ન્યૂઝ પેપર 'ગુજરાત મિત્ર' આવ્યું છે. એ વર્તમાનપત્રમાં આપણી જીન્નુંબહેનની કવિતા છપાઇ છે. જીન્નું નાની છે પણ પેપરના પાને ચમકી છે. એવી કવિતા એ જ વાંચશે.''

જીન્નુઃ જીઓ જિંદગી સર ઊઠાકે
હાર ના માનો કભી



માઃ આજ સુધી કેટલી કવિતાઓ લખી છે?

જીન્નુઃ ચાર થી પાંચ

માઃ ક્યાં ક્યાં પ્રગટ થઇ છે?

જીન્નુઃ સ્કૂલના મેગેઝિનમાં, પછી ન્યૂઝ પેપરમાં

માઃ ત્રણ કવિતાની એક એક લીટી બોલ.

જીન્નુઃ ઇંતજાર, દર્દ હી દર્દ.(એમ ત્રણ કવિતાની લીટી બોલે છે.) પવિત્રા, હિનાબહેન ને દીપકભાઇ દાદા(શ્રી દિનકરરાય વશી પર પૂ.શ્રીમાની આજ્ઞાથી સ્મૃતિઓ તાજી કરીને સૌને દાદાના સદ્ગુણો વાણી દ્વારા પીરસે છે.) એનો સાર આ રહ્યો.

★ દાદા મમ્મીની જેમ કાળજી રાખતા. છોકરાઓને પ્રેમથી ઉછેરતા. ગરીબો અને વિદ્યાર્થીઓની સેવા કરતા. વિધવાઓને પેન્શન અપાવે. સૌને ખૂબ પ્રેમ કરે.

★ શાંત સ્વભાવ, પોતાની દિનચર્યામાં અતિનિયમિત રહે. ઓફિસમાં સૌને માનથી જુએ. સૌને પોતાના લાગે એવું વર્તન કરે. કદી કોઇનું બૂરું ના ઇચ્છે. પોતે બહુ ભણી ના શક્યા પણ વિદ્યાર્થીઓને ખૂબ મદદ કરે, માંદાને પણ મદદ કરે.

દીપકભાઇઃ પૂ.શ્રીમાએ દીનકરભાઇ(પપ્પા) પર એક પેઇજ ડાયરીમાં લખ્યું છે. મા જેનું લખે તેનું મંગલ જ થાય ને! પપ્પા કેલેન્ડરમાં મા–પ્રભુના સ્વરૂપને પગે લાગતા. મા–પ્રભુને યાદ કરતા. હરિ કોઇનો ભાર નથી રાખતા. ચૂકવી દે છે. પપ્પાના જીવનમાં એ જોઇ શક્યા છીએ. ઘરની એક વ્યક્તિ સત્સંગી બનીને મા પાસે આવે તો મા ઘરના બધા સભ્યોની સંભાળ રાખે

છે. સદ્‌ગતિ કરે છે.

પૂ. શ્રી મા : દોઢ રૂપિયો છૂટતો નથી ત્યાં સવાલાખ રૂપિયા પિતા પાછળ આજે જે વપરાશે તે પિતાની વિશેષતાને પણ વંદન કરવા પડે. માતાની—ભાઇની ખોટ દીકરીને ન લાગવા દીધી. તે પિતાએ કેટલો બધો ભરપૂર પ્રેમ આપીને ત્રણ ત્રણ પદ સંભાળ્યાં. માતા, પિતા ને ભાઇ. એવા એ સજ્જન, પ્રેમાળ, આદર્શ પિતાની સ્મૃતિમાં ૨૪૮ વિદ્યાર્થીઓ સહાય લઇને વિદાય થશે. એ વડીલને વંદન કરી, પાંચ પ્રણામ કરી કાર્યક્રમ શરૂ કરીશું.''

સત્કર્મના યજ્ઞની સામગ્રી પ્રેમપૂર્વક અપાઇ ગઇ. પૂ.શ્રીમા તો માણસને વાંચી લે છે. આજે સુમિત્રાબહેનને પૂ.શ્રીમા બોલવા કહે છે. તેઓ વલસાડથી આવ્યાં છે. તેમના પ્રવચનનો સાર આ મુજબ છે.

★ ટાગોરે લખ્યું છે કે 'આમાર જીવન આમાર સંદેશ.' માનું જીવન પણ એવું જ લાગ્યું છે. ખુલ્લું જીવન છે. તે જ સંદેશો છે. ભારતને બેઠો કરવાનું સુંદર સ્વપ્ન સાકાર થઇ રહ્યું છે. પૂ.મા સારી રીતે તે કરી રહ્યાં છે.

★ સ્વર્ગારોહણમાં આવી છું તો વૃંદાવનમાં આવી હોઉં તેવું લાગે છે. બધાં જ મામય છે. આ સ્થાન મનાઇ, હૂકમોમાંથી મુક્ત છે. ટીલાં, ટપકાંને સ્થાન નથી.

★ દેવે દીધેલાં બાળકોના શરીર પર સ્વેટર, ટોપી, વસ્ત્રો અહીં અપાય છે ત્યારે જણાય છે કે અશ્વમેઘ યજ્ઞ કરતાં પણ મોટો યજ્ઞ થઇ રહ્યો છે.

★ આ ધરતીમાતાએ સીતા, દ્રૌપદી, અનસૂયા, મદાલસા



જેવી વિભૂતિઓ પ્રગટાવી છે. એ તો ઇતિહાસનાં પાત્રો છે. પણ મા આપણા જમાનામાં પ્રેમભર્યા આવા યજ્ઞો કરીને, પોતે જપીને, તપીને અશક્ય કાર્યો કરી રહ્યાં છે, ત્યારે ઇતિહાસની દંતકથાઓ જીવંત થતી જણાય છે.

★ ધર્મ પુસ્તકો એ માત્ર પુસ્તક નથી, પણ ભગવાનની વાચા છે, શક્તિ છે, જીવંત છે. સાડીને કબાટ ઓછાં હશે તો ચાલશે પણ ભગવાનનાં પુસ્તકો વસાવજો.

મેં તો ૨૦ પ્રણામ કર્યા તો થાકી ગઇ. અહીં મા ને માના ભક્તો ખૂબ પ્રણામ કરે છે તે જોયું તો લાગ્યું કે કળીયુગમાં આવું કોણે કરે? ગપ્પા મારે પણ ભગવાન માટે કોઇ કાંઇ ના કરે. મા તો ઘર, સમાજ, દેશ ને સૃષ્ટિને સંભાળે છે. આફ્રિકામાં, વસતા માના ભક્ત બાળે લાખ પ્રણામ કર્યા. આ સાંભળીને થયું કે આ દેશનું કોણ અમંગલ કરી શકે? અહીં ભગવાન છે એવું લાગ્યું.

હવે તરલાબહેન દેસાઇ પૂ.શ્રીમાની આજ્ઞાથી પ્રવચન કરે છે. જેનો સાર આ મુજબ છે.

★ બધી જગ્યાએ સ્વાર્થી લોકોની ભીડ છે. સત્તા, દ્રવ્યનો પ્રભાવ છે. પૂ.શ્રીમા જેવા સંત અંબાજીના એકાંત ખૂણે બધામાં શ્રદ્ધા રેડી રહ્યાં છે. જાત સુધરે તો જગ સુધરે. વિવેકાનંદ કહ્યું છે કે ગુરુ બોલે ને હું સાંભળું તે જરૂરી છે. વૃત્તિ બદલાશે તો જગત સુધરશે. સાચું સુખ આત્માનંદમાં છે. સ્થિરતા તો અધ્યાત્મથી જ આવશે. જગતશાંતિ શક્તિ પૂ.શ્રીમામાં છે.

★ પૂ.શ્રીમા ધૂણી ધખાવીને બેઠાં છે. પ્રેમ પ્રસારે છે, સંવેદના પ્રસારે છે. પૂ.શ્રીમાની સંનિધિમાં અનાયાસે સત્કર્મ થઇ જાય છે. સૌને આત્મકલ્યાણપ્રતિ અભિમુખ કરી રહ્યાં છે.

★ સ્વર્ગારોહણ આવવું એ પુણ્યમું કામ છે. સેવાયજ્ઞો થાય તેમાં ઈશ્વરની યોજના કામ કરે છે. અહીં પૂ.શ્રીની કલ્પના ને માના પરિશ્રમનો સુયોગ થયો છે.

★ અહીં જોઇ શકાય છે કે વહેંચીને ખાવું છે, આપણું જે કંઇ છે તે બધાનું છે અને તેનો પ્રસાર કરીએ તેટલો ઓછો છે. આ બધું પૂ.શ્રીમાની સંનિધિમાં સહજ રીતે થાય છે.

★ લોક કલ્યાણનો ભાર મા નથી રાખતાં. સહજ રીતે રહે છે. શાંતિને પ્રસન્નતાનો પ્રગટ આવિર્ભાવ છે. રાજા પાસે રીંગણાં ન મંગાય. મા પ્રભુને પાસે રાખે છે. માથી વિમુખ ન થવાય એટલું માગીએ તો ભયો ભયો.

પ્રવચનો, સત્કર્મોમાં સમય ઘણો પસાર થઇ ગયો. બપોરના ૩.૪૫ કલાક થઇ ગયા છે. પૂ.શ્રીમા સ્લેટ પર લખે છે. ‘‘અમારું શરીર સત્યાગ્રહ કરી રહ્યું છે એટલે રૂમમાં જઇને ફરજિયાત સૂઇ જવું પડે. જઠરાગ્નિને કારણે નહીં પણ મા વિશ્રામ લે તે તે માટે. આવતી કાલે નિશાબહેન આપણી વચ્ચેથી વિદાય લેવાનાં છે. માત્ર આઠ દિવસ માટે અમેરિકાથી સ્વર્ગારોહણ આવ્યાં. પાછાં એ જ રીતે એ જવાનાં છે. આ વર્ષે વિદેશનાં બાળકોને સ્વર્ગારોહણ ખૂબ ગમ્યું છે.’’

‘‘અમને તો વિદેશમાં જન્મેલાં ને અહીં સેવા માટે આવતાં સૌ બાળકોને વંદન કરવાનું મન થાય છે. અમે તો એમનાં શહેરમાં પણ જતાં નથી. કોઇક એકાદ કાર્યક્રમ હોય તો બધાં શહેરમાં જ મળે. છતાં સાંભળેલી વાતો પરથી સ્વર્ગારોહણમાં આવવાની ઈચ્છા થાય. એ સૌ ફરી ફરી આવે, આ ધરતી પર ઠરે ને પામે. હવે નવમંત્રગાનથી બેઠક પૂર્ણ કરીશું.’’



બેઠક પૂર્ણ થાય છે. ભક્તો ભોજન તરફ વળે છે પૂ.શ્રી તો ભક્તોના દુઃખ દર્દ દળવા, વ્યક્તિગત મળવા, ભજન કરવા, સાધના કરવા પોતાના નિવાસ તરફ પ્રયાણ કરે છે.

રાત્રિની બેઠક ૯.૪૫ કલાકે શરૂ થાય છે. પૂ.શ્રીમા પધારે છે. શ્રમિત છે છતાંય ભક્તો, બાળકો, યુવકોને સંનિધિ સુખ, દર્શન આપીને ધન્ય કરવાનો યજ્ઞ તો અવિરત ચાલુ જ છે. શ્રી સ્નેહલભાઈનો પુત્ર રથી નાનકડો છે. નૃત્ય કરે છે. પૂ.શ્રીમા સ્લેટ પર લખે છે. ‘‘કોઇ ના જાણતા હોયતો જાણી લો. સ્નેહલભાઈનો જ પુત્ર છે. કેટલી બધી નાની ઉંમરે આટલા બધાની સામે નૃત્ય કર્યું. વિદેશથી આવેલાં બધા બાળકો ભેગાં મળીને આ રથીની એક વર્ષની ભણવાની ફી આપશે એવું મા વિદેશનાં બાળકો વતી જાહેર કરે છે. સ્નેહલભાઈની અલૌકિક સેવા સામે આપણે તો બીજું શું કરી શકીએ? પણ આ રીતે રથીના અભ્યાસનો ભાર સૌ વહેંચી શકીએ. ખૂબ સરસ રથીનો અભિનય હતો.’’

આ બેઠકમાં સ્વાગત નૃત્ય મિત્રાએ, રૈકવમુનિનું નાટક દર્શનાબહેન, નિષ્ઠાએ પોયણું પાંગર્યું જેવા નાટક, કાર્યક્રમો આપીને પૂ.શ્રીમાનો પ્રસાદ પામ્યાં, સંનિધિ સુખ માણ્યું ને મા—પ્રભુના આશીર્વાદથી જીવન સજાવવા પહેલ કરી. બેઠક પછી શ્રી રાજુભાઈ શાહે બદામનો પ્રસાદ સૌ ભક્તોને આપ્યો.

(ક્રમશઃ)

# ગુરુ અને શિષ્ય

સંકલન : ઝિંઝુવાડિયા કનૈયાલાલ

આહાર તેમ જ કેટલીક વ્યક્તિઓ પાસેથી ભેટ સોગાદો લેવાની બાબતમાં શ્રી રામકૃષ્ણ જે વિવેક જાળવતા તેનાથી નરેન્દ્રનાથ(સ્વામી વિવેકાનંદ)ને નવાઈ લાગતી. તેમને લાગતું કે એમના આવા વિવેકની પાછળ વહેમીલું તરંગી માનસ કે ચોખલિયા વેડા હશે. પરંતુ શ્રી રામકૃષ્ણ ભારપૂર્વક કહેતા કે જ્યારે કોઈની ભેટનો પોતે અસ્વીકાર કરે ત્યારે એના કારણમાં દાતાની ચારિત્ર્ય શિથિલતા જ હોય. નરેન્દ્રનાથને થતું કે શું આ સાચું હશે? એમણે આ વાતનું તથ્ય ચકાસવાનું નક્કી કર્યું. જેઓની ભેટોનો ગુરુદેવે અસ્વીકાર કર્યો હોય તેઓનાં ચારિત્ર્યનો એમણે બરાબર અભ્યાસ કર્યો, એટલે એમને ખબર પડી કે ગુરુદેવે લીધેલું પગલું યોગ્ય હતું. એ તો દિંગ થઈને વિચારતા. ''આ તો કેવો અદ્‌ભુત પુરુષ! એની પવિત્રતાનું વર્ણન થઈ શકે તેમ નથી. એ બીજાના વિચારો શી રીતે જાણી જાય છે!''

બ્રહ્મ સમાજના સભ્ય તરીકે નરેન્દ્રનાથ નિરાકાર ઈશ્વરમાં માનતા. હિન્દુ ધર્મના દેવોમાં એ માનતા નહીં. એમણે શ્રી રામકૃષ્ણના બીજા એક મહાન શિષ્ય રાખાલને બ્રહ્મ સમાજના સભ્ય બનવાનું સમજાવ્યું હતું. રાખાલ જ્યારે ગુરુદેવ સાથે કાલીના મંદિરમાં જતો ત્યારે મૂર્તિને વંદન કરતો. બ્રહ્મ સમાજના નિયમથી આ વિરુદ્ધ હતું. એક દિવસ નરેન્દ્રનાથ એને આમ કરતા જોઈ ગયા અને ઠપકો આપવા લાગ્યા. રાખાલનો સ્વભાવ અત્યંત નરમ હતો, એટલે દલીલમાં ઉતરવાને બદલે એણે નરેન્દ્રનાથ સાથેના પ્રસંગો ટાળવા માંડ્યા. શ્રી રામકૃષ્ણને



એ ખબર પડી એટલે એમણે નરેન્દ્રનાથને કહ્યું : ''તું રાખાલને ગભરાવતો નહિ. એ તારાથી ડરે છે. એ સાકાર ઈશ્વરમાં માને છે. તું એના વિચારને શી રીતે ફેરવી શકે? દરેક જણને કંઈ શરૂઆતમાં જ નિરાકાર ઈશ્વરનો સાક્ષાત્કાર થઈ શકે નહિ. નરેન્દ્રનાથ માટે આટલી ટકોર બસ હતી. પછી એમણે કદાપિ રાખાલના ધાર્મિક વિચારોની બાબતમાં માથું માર્યું નહિ.''

ગુરુદેવ જાણતા હતા કે નરેન્દ્રનાથ જ્ઞાનમાર્ગનો અધિકારી છે, એટલે એની સમક્ષ અદ્વૈત ફિલસૂફીની ચર્ચા કરવાનું એમણે હેતુપૂર્વક ચાલુ રાખ્યું. એક દિવસે એમણે જીવ અને બ્રહ્મની એકતા નરેન્દ્રનાથને સમજાવવાનો પ્રયત્ન કર્યો, પરંતુ એમાં એમને સફળતા પ્રાપ્ત ન થઈ. નરેન્દ્રનાથ ઓરડામાંથી બહાર ગયા અને પ્રતાપચંદ્ર હાજરા આગળ જઈને બોલ્યા : ''આમ કેમ બની શકે? આ કૂંજો બ્રહ્મ, આ પ્યાલો બ્રહ્મ અને આપણે પણ બ્રહ્મ! આથી વધારે વિચિત્ર વાત બીજી કોઈ હોઈ શકે?'' ભાવાવેશમાં રહેલા શ્રી રામકૃષ્ણે નરેન્દ્રનાથનું હાસ્ય સાંભળ્યું. બાળકની પેઠે પહેરવાનું વસ્ત્ર હાથમાં રાખી એ હસતા હસતા બહાર આવ્યા અને બોલ્યા. ''કેમ વારુ? શી ચર્ચા ચાલી રહી છે?'' એમ કહીને એમણે નરેન્દ્રને સ્પર્શ કર્યો. એમના સ્પર્શની અસર નરેન્દ્રનાથે આ પ્રમાણે વર્ણવી.

''એ દિવસે ઠાકુરના સ્પર્શથી મારા ચિત્તમાં તત્કાળ અદ્‌ભુત પરિવર્તન થઈ રહ્યું. આ જગતમાં ઈશ્વર સિવાય બીજું કશું નથી એ મેં સ્પષ્ટપણે અનુભવ્યું પરંતુ મારો આ અનુભવ ટકે છે કે કેમ તે જોવા માટે હું મૌન રહ્યો. દિવસભર આ અનુભવ કાયમ રહ્યો. હું ઘરે પાછો ફર્યો, ત્યાં પણ મારી દૃષ્ટિએ જે કંઈ પડ્યું તે બ્રહ્મમય જ ભાસ્યું. હું જમવા બેઠો ત્યારે પણ મને અનુભવ થયો કે ભોજન, થાળી, પીરસનાર વ્યક્તિ અને હું પોતે—એ બધું

કેવળ બ્રહ્મસ્વરૂપ જ છે. એક બે કોળિયા ખાઇને હું શાંત બેસી રહ્યો. આમ છાનો માનો શું બેસી રહ્યો છે? જમી લે.'' મારી માતાના એ શબ્દોથી હું ચમક્યો અને ફરી જમવા લાગ્યો. છતાં પણ મને જમતાં, પડ્યા રહેતાં, કોલેજમાં જતાં—બધોય સમય મને આવો જ અનુભવ ચાલુ રહ્યો. વળી, મને એમ જ લાગ્યા કર્યું કે હું કોઇ નશાની આવસ્થામાં છું. શેરીઓમાં પસાર થતાં મેં ગાડીઓને જતી આવતી જોઇ પરંતુ રસ્તા ઉપરથી ખસી જવાની મને વૃત્તિ ન થઇ. મને થયું કે હું અને ગાડીઓ એક જ તત્વનાં બનેલાં છીએ. ખાતી વખતે જાણે કે બીજું કોક ખાઇ રહ્યું છે, એમ જ લાગતું. કોઇક વાર જમતાં જમતાં હું પડ્યો રહેતો અને થોડી મિનિટો બાદ ઊઠીને પાછો ખાવા લાગતો. એનું પરિણામ એ આવતું કે કોઇ વાર હું ગજા ઉપરાંત ખાતો, પરંતુ એથી મને કશી હાનિ થતી નહિ. મારી માતાને બીક લાગી. એણે માન્યું કે મને કંઇક થઇ ગયું છે. એને ડર લાગ્યો કે હવે ઝાઝું જીવીશ નહિ. જ્યારે ઉપરોક્ત સ્થિતિમાં થોડો ફેર પડ્યો ત્યારે મને એવો અનુભવ થવા લાગ્યો કે જગત સ્વપ્નવત્ છે. કોર્નવોલિસ સ્કેવરમાં ચાલતી વખતે હું લોખંડના સળિયાઓ સાથે માથું ભટકાવી જોતો કે જેથી મને ખબર પડે કે આ સળિયો સાચો છે કે સ્વપ્ન માત્ર છે. આવી અવસ્થા કેટલાક દિવસો પર્યંત ટકી રહી. જ્યારે મેં ફરીથી મારી સ્વાભાવિક અવસ્થા પ્રાપ્ત કરી, ત્યારે મને ભાન થયું કે મને અદ્વૈત અવસ્થાની ઝાંખી થઇ હતી. એ પછી મને નિશ્ચય થયો કે શાસ્ત્ર વચનો જૂઠાં નથી. ત્યારથી હું અદ્વૈત સિદ્ધાંતોમાં માનવા લાગ્યો.

**('સ્વામી વિવેકાનંદના જીવન ચરિત્રના' આધારે)**



# પ્રશ્નોત્તરી

**—યોગેશ્વરજી**

પ્રશ્નઃ—સમાધિમાં મન મળી જાય છે, ત્યારે, કે તેના પરિણામે, કઇ કઇ વિશેષ વસ્તુઓની પ્રાપ્તિ થાય છે?

ઉત્તરઃ— સૌથી પહેલાં તો આત્મદર્શન થાય છે. એ થવાથી પરમશાંતિની પ્રાપ્તિ થાય છે; જે શાંતિની દરેક જીવ ઝંખના કરે છે; અને સાધક જેને માટે સાધનાનું આલંબન લે છે, તે શાંતિ સમાધિના પરમ પ્રદેશમાં પ્રવેશ કરવાથી સહજ બને છે. શરીરથી અલગ આત્મની અનુભૂતિ પણ શરીર જ કરાવી આપે છે. એ ઉપરાંત, કેટલીક વિશેષ શક્તિઓની પ્રાપ્તિ—જેને સિદ્ધિ કહેવામાં આવે છે—તેની પ્રાપ્તિ પણ વિકાસના ક્રમના પરિણામરૂપે સ્વાભાવિક રીતે જ થઇ રહે છે. આત્મદર્શનની ઈચ્છાવાળા સાચા સાધકો એવી સિદ્ધિઓની લાલચ નથી રાખતા. છતાં પણ એ સિદ્ધિઓ એમના માર્ગમાં આપોઆપજ આવતી હોય છે.

પ્રશ્નઃ—સમાધિની સિદ્ધિને પરિણામે પ્રાપ્ત થનારી સિદ્ધિ, કોઇને પદચ્યુત કરી દે છે ખરી?

ઉત્તરઃ—પદચ્યુત થવાનો ભય જ્યાં સુધી સાધક કાચી દશામાં હોય છે, ત્યાં સુધી જ છે. મન નિર્મળ થાય, ઈશ્વરમય બની જાય, અથવા તો સ્વરૂપના સાક્ષાત્કારમાં સહાયભૂત થાય, પછી તેવો ભય નથી રહેતો. પછી તો સાધક સંપૂર્ણપણે ભયમુક્ત બની જાય છે. પછી એને અષ્ટસિદ્ધિ ને નવનિધિની પ્રાપ્તિ થાય તોપણ શું? એ સિદ્ધિઓ એને ચંચલ, ચલિત કે ભ્રાંતચિત્ત નથી બનાવી શકતી.

એવી વિશેષ શક્તિ કેટલીક વાર એના જીવનમાં

ઉપયોગી થઇ પડે છે. અને એવી શક્તિની મદદથી એ બીજા અનેકને મદદરૂપ બને છે.

પ્રશ્નઃ—આત્મદર્શનને માટે વિશેષ શક્તિ કે સિદ્ધિ અનિવાર્ય છે ખરી?

ઉત્તરઃ—બીલકુલ નહિ. આત્મદર્શનને માટે જે અત્યંત જરુરી કે અનિવાર્ય છે, તે તો હૃદયની નિર્મળતા, દર્શનને માટેની તીવ્ર તરસ ને ધગશ, સતત પુરુષાર્થ અને સમાધિની અલૌકિક અવસ્થાની અનુભૂતિ છે. શક્તિ કે સિદ્ધિ એવી સાધના દ્વારા થતી એક સહજ પ્રાપ્તિ છે. કોઇને તે થાય, ને કોઇને ન પણ થાય; કોઇને સાધારણ કે અલ્પમાત્રામાં થાય ને કોઇને વિશેષ માત્રામાં પણ આવી મળે છે. એનો કોઇ ચોક્કસ અથવા તો એકધારો નિયમ નથી.

પ્રશ્નઃ—સમાધિ સિવાય આત્મદર્શન શું ન થાય?

ઉત્તરઃ—સમાધિ સિવાય આત્મદર્શન કરી શકશો જ કેવી રીતે? આત્મદર્શન માટે તમારી પાસે બીજું સાધન જ ક્યું છે? આત્મદર્શનની અભિલાષાવાળા સાધકે ધ્યાન કે ધારણાની અંતરંગ સાધનાનો આધાર લઇને, સમાધિ સુધી પહોંચવું જ જોઇએ; કેમકે સમાધિજ એક માત્ર એવું સાધન છે જે દ્વારા હૃદય પ્રદેશમાં રહેતા પરમાત્માની સાથે સીધો સંબંધ બાંધી શકાય. અંતરંગ સાધનાની ઉપેક્ષા કરીને, કેવળ પુસ્તકોનું પારાયણ કરવાથી કે ગમે તેટલી કુશાગ્ર બુદ્ધિ દ્વારા પણ આત્માને સમજવા—સમજાવવાથી પરમાત્માનો સાક્ષાત્કાર નહિ થઇ શકે, ને પરમાત્માનું રહસ્ય પણ હાથમાં નહિ આવી શકે. જે પરમ શાંતિની ઝંખના છે તે પરમ શાંતિ પણ દૂરજ રહેશે. તમે નથી જોતા કે બૌદ્ધિક પ્રતિભાવાળા વિદ્વાનો, પંડિતો અથવા અધ્યાપકો અને આચાર્યોનો જગતમાં તોટો નથી. છતાં પરમાત્માના પ્રત્યક્ષ



દર્શનથી તેઓ વંચિત છે. મન તથા ઇંદ્રિયો પર તેમનો કાબૂ નથી, ને પોતાની પ્રકૃતિના તેઓ ગુલામ છે. પ્રકૃતિની એ ગુલામીમાંથી મુક્તિ મેળવીને, મન અને ઇંદ્રિયોની પારના પ્રદેશમાં માણસ સ્થિર રહે. ત્યારેજ તે પરમાત્માદર્શી બની શકે છે અને પરમ શાંતિનો ઉપભોગ પણ ત્યારેજ કરે છે. એટલે સમાધિ સિવાય કોઇને આત્મદર્શન થઇ શકશે એવું ન માનતા. તમારે જો આત્મદર્શન કરવું જ હોય તો, બીજી બધી ભ્રાંતિનો ત્યાગ કરીને, ધ્યાન, ધારણા જેવી અંતરંગ સાધનાનો રસ કેળવવા કટિબદ્ધ બનજો. એજ માર્ગ છે. એજ સાધન છે, ઉપાય છે, એ લખી રાખજો.

પ્રશ્નઃ—કામ, ક્રોધને જીતવા માટે શું કરવું?

ઉત્તરઃ—વિચાર કરવો કે કામ ક્રોધ શું કામ થાય છે? ને કોના ઉપર થાય છે. એક ઈશ્વર સિવાય આ સંસારમાં કંઇજ નથી. એમ જ્ઞાનીઓ કહે છે. આ પ્રમાણે વિચાર કરવાથી સમજાશે કે કામ ક્રોધ કોના ઉપર કરવાનાં છે. જ્યાં ભેદદષ્ટિ છે, ત્યાં દ્વૈત છે ને ત્યાં કામ ક્રોધને અવકાશ છે. પરંતુ જ્યારે ભેદભાવ ટળે છે, ત્યારે કામ ક્રોધનું મૂળ કારણ અજ્ઞાન પણ દૂર થાય છે. પછી તેમને માટે અવકાશ રહેતો નથી.

સામાન્ય લોકો માટે સહેલામાં સહેલો ઉપાય પ્રભુના ચરણોમાં પ્રીતિ થવાથી હૃદય પ્રેમમય ને પવિત્ર થતું જશે. એવું થતાં કામક્રોધ આપોઆપ પલાયન થઇ જશે. એકાંતમાં બેસીને માણસે પોતાની નિર્બળતાઓ માટે વ્યાકુળ હૃદયે પ્રભુ સમક્ષ રડવું જોઇએ. ઈશ્વરને પ્રાર્થના કરવી જોઇએ કે તમારી નિર્બળતાઓ દૂર કરવામાં સહાયરુપ થાય ને જરુરી મનોબળ પૂરું પાડે. આ પ્રમાણે સાચા હૃદયથી થાય તો ઈશ્વર તેની

છે. પ્રભુના ચરણોમાં પ્રીતિ જાગે એટલે વિષયોની આસક્તિ આપોઆપ હઠી જાય છે, એ ચોક્કસ સમજજો. માટે સૌથી શ્રેષ્ઠ એવો પ્રભુનો પ્રેમ જગાવવાનો પ્રયાસ કરો. જીવનની બધી જ સમસ્યાઓના ઉકેલ માટે પ્રભુપ્રેમ એ રામબાણ ઉપાય છે, એમાં કોઈ સંદેહ નથી.

પ્રશ્નઃ—ભોગ ભોગવતાં ભોગવતાં વાસનાનો ત્યાગ ના થઈ શકે?

ઉત્તરઃ—થઈ શકે, પણ એ કામ મહાન બળવાળા પુરુષોનું છે. સાધારણ રીતે તો માણસ ભોગમાં એવો આસક્ત થઈ જાય છે કે વિવેક ખોઈ બેસે છે. શક્તિ બરબાદ કરી નાંખે છે ને ભોગની રસવૃત્તિને છોડવામાં અશક્ત બની જાય છે; જનકની જેમ રહેવું સહેલું નથી. વળી જનક રાજા તો પ્રથમથીજ બ્રહ્મજ્ઞાની હતા. તેમના વાદ ના લઈ શકાય. વાસનાનો ત્યાગ સહેલાઈથી કરવો હોય તો ભોગથી દૂર રહેવાનો માર્ગ ઉત્તમ છે. વળી આવી રીતે નવરા પડેલા મનને સત્સંગમાં લગાડવું જોઈએ. જે લોકો ભોગ્ય પદાર્થોને છોડી ના શકે તેમણે પણ સત્સંગ કરવાની જરુર છે. તેથી ભોગ્ય પદાર્થોમાંથી મન ઉપરામ થઈને પ્રભુ પરાયણ થવામાં મદદ મળે છે.

જેમ રાજા જનકનો દાખલો છે, તેમ રાજા યયાતિનું પણ ઉદાહરણ આપણાં શાસ્ત્રોમાં છે. રાજા યયાતિએ જીવનભર ભોગો ભોગવ્યા છતાં, એને કોઈ તૃપ્તિ થતી નથી. અને શરીર વૃદ્ધ થવાથી ભોગ ભોગવાની શક્તિ રહેતી નથી. એવી અવસ્થામાં તે પોતાના નાના પુત્રની યુવાની લઈને ભોગ ભોગવવા તત્પર થાય છે.



# My participation in Sat-karmas & their importance that I realised

**Suresh Narsai**

My visit to Swargarohan this time is after six years. Though there are many physical changes at Swargarohan, the devotion and the spirit of Swargarohan amazes me, wth peace and silence ever vibrating and welcoming everyone who enters Swargarohan.

As I come to realize Swargarohan is not only home for P. Yogeshwarji and P. Maa, but it also seems to be home for me. I arrived on the end of the second evening of the Sat–Karma event. Thereafter, I was granted eight days to offer myself and purify my nature. Truly I found my place and got so involved and lost myself in the work that I did not know how the Sat–Karma came to an end.

Over the years I have seen many people want to donate funds for the sat–karma and P. Maa directs them to personally engage in sat–karma. But her message stands not only on how to donate but more on how the act of donating helps to awaken a part of our being spiritually. She personally wants the donors to be physically present during the sat–karma so as to share what they have with the unfortunate ones. By

doing so we also begin to appreciate and become thankful for all we have.

There is so much to organizing the sat–karma such as the devotees working both in the forefront as well as behind the scenes during the entire sat–karma. Moreover, we see P. Maa at work very attentively and precisely, overlooking everything during the sat–karma. P. Maa, the Karmayogini at work, silently, without uttering a word gives us so much through her actions.

Yes, just to see the smile of the receiving person makes you feel so good and thankful for being able to engage in the sat–karma.

For me the highlight of the Sat–karma happened more towards the end. I had the opportunity to go to a school in Ambaji with some devotees by providing some things and prasad from P. Maa. The most touching thing happened when some eight grade girls were addressed with a few important questions that showed how simple yet important Maa's work is. A devotee asked these girls what they would like to become when they grow up? How they can achieve their goals? They were also given hope with examples of some success stories had come from poor families not very different than their own. This act inspired the girls to learn to become a dreamer, and have a dream, to try and reach those dreams by mentally visualizing



on a day to day basis and through encouraging them to walk through their dreams.

Furthermore, they were told it is up to them to remain in school and finish their education That though they may face hardships, if they pursue persistently then a way will be there. Most importantly, that they should have faith and trust in God and that somehow Mother–nature will provide all that is needed to help fulfill your dream.

Finally they were reminded that it is up to all of them individually to bring change in their lifestyle and step out of their poverty. They were reminded to stay in school and study hard or they would lead the same life style as their parents.

The message the devotees carried was so profound and inspiring. Whether in Swargaroan or in the schools of the locals in the mountainous regions, be it words spoken or unspoken, the action of all the sat–karma doers are always inspiring, moving and uplifting as all work is being done in the presence of P. Maa. She wins everyone's heart may they be young or old, poor or wealthy. They all somehow become hers.

# સત્કર્મોમાં મારું સહભાગીપણું—ને તેની ઉપયોગીતાની પ્રતીતિ

(અંગ્રેજી લેખોનો અનુવાદ) અનુ. નારાયણ હ. જાની

સ્વર્ગારોહણમાં આ મારું આગમન છ વર્ષ પછી થયું છે. તે દરમ્યાન અહીં ઘણા બધા ભૌતિક ફેરફારો થયા છે કિન્તુ અહીંની ભક્તિ અને સ્વર્ગારોહણની આધ્યાત્મિક શક્તિ મને આશ્ચર્ય પમાડે તેવી લાગી છે, કારણ અહીં પ્રવેશ કરતી દરેક વ્યક્તિને અહીંનું સ્ફુરણ કરતું મૌન અને સત્કાર આકર્ષિત કરે છે.

મને એવું અનુભવાય રહ્યું છે કે આ સ્વર્ગારોહણ એ પ.પૂ.યોગેશ્વરજી કે પ,પૂ.માનું નિવાસસ્થાન નથી, પણ તે મારું પણ રહેઠાણ છે. હું અહીં સાંજે આવ્યો ત્યારે દસદિનના સત્કર્મોમાંનું બીજા દિનનું સત્કર્મ પૂરું થઇ ગયું હતું. ત્યાર પછી મને આઠ દિવસ મળ્યા. જેમાં હું સેવા કરી મારી પ્રકૃતિને શુદ્ધને પવિત્ર કરી શકું. આમ મને મારું સ્થાન મળી ગયું અને આ સેવા કાર્યોમાં હું એવો તો ઓતપ્રોત થઇ ગયો કે આ સત્કર્મો ક્યારે પૂરાં થઇ ગયાં તેથી મને ખબર જ ન રહી.

કેટલાંય વર્ષોથી હું જોઇ રહ્યો છું કે લોકો સત્કર્મ માટે પૈસા આપવા પૂ.માને જણાવી રહ્યા છે, પરંતુ પૂ.મા તેમને જણાવે છે કે તમે જાતે આવી, સત્કર્મમાં ભાગ લો. આમ કહેવા પાછળ પૂ.માનો સંદેશો એ નથી કે દાન કેમ આપવું તે શીખવવું પરંતુ દાન આપવાના પરિણામે આપનારમાં આધ્યાત્મિક પરિવર્તન



લાવવામાં તેમનું દાન કેવું મદદરૂપ બને છે, તેનો પ્રત્યક્ષ અનુભવ કરે. એટલે જ પૂ.મા આગ્રહ રાખે છે સત્કર્મ વખતે દાતા પોતે ઉપસ્થિતિ રહે જેથી અભાવગ્રસ્તોને જે કંઇ આપવામાં આવે છે, તેનું દર્શન પોતે જાતે જ કરે આમ કરવાથી પ્રભુએ આપણને જે આપ્યું છે તેનું મૂલ્ય સમજી, પ્રભુનો ખાસ આભાર માનીએ.

એક સત્કર્મ પાર પાડવા માટે ઘણું બધું આયોજન કરવું પડે છે. તે માટે કેટલાક ભક્તો કામ કરતા દેખાય છે. તો વળી કેટલાક પડદા પાછળ રહી સત્કર્મમાં સહાય પહોંચાડતા રહે છે. વળી પૂ.મા પણ સતત કાર્યરત રહી દરેક વસ્તુનું ખૂબ બારીકાઇ ને ચોકસાઈપૂર્વક ધ્યાન રાખતાં રહે છે. ખરે જ પૂ.મા, એક સાચા કર્મયોગીની જેમ એક શબ્દ પણ ઉચ્ચાર્યા વગર પોતાના વ્યવહાર દ્વારા ઘણું શીખવતાં રહે છે. સાચેજ, દાનગ્રહણ કરનારની ખુશીનું એક સ્મિત જોઇને મને ખૂબજ આનંદ થાય છે અને સત્કર્મમાં સહભાગી થવા બદલ પૂ.માનો આભાર સહજ રીતે મનાય જાય છે.

મારે માટે સત્કર્મોના અંતમાં એક મહત્વની ઘટના ઘટી. કેટલાક ભક્તો સાથે મારે અંબાજીની એક આદિવાસી શાળાનાં કન્યાછાત્રાલયની મુલાકાતે માના આદેશ મુજબ પૂ.માએ આપેલી વસ્તુઓ અને પ્રસાદ પહોંચાડવા માટે જવાનું બન્યું. હૃદયને ખૂબ સ્પર્શી જાય તેવી ઘટના ત્યારે બની જ્યારે આઠમા ધોરણની કેટલીક બાળાઓને ભવિષ્યમાં તેઓ શું બનવા માગે છે, તે અંગેના અગત્યના પ્રશ્નો પૂછવામાં આવ્યા. આ જોઇ પૂ.માનું આ કાર્ય ભલે સાધારણ લાગતું હોય છતાં કેટલું બધું મહત્ત્વ ધરાવે

છે. તે મને સમજાયું.

બાળાઓને પૂછ્યું તમે મોટાં થઇ શું બનવા ઇચ્છો છો? તેઓ પોતાના જીવનના ધ્યેયને શી રીતે સિધ્ધ કરી શકશે? તેમને ઉદાહરણ રૂપે એવા લોકોની વાતો કહેવામાં આવી જેમની સ્થિતિ તેમની અત્યારની સ્થિતિથી કરતાં વધારે સારી ન હતી, છતાં તેઓ તેમના જીવનનાં મોટા બનાવાનાં સ્વપ્નાં સાકાર કરવામાં સફળ થયા. આ વાતો સાંભળી આ બાળાઓ પણ ભવિષ્ય માટેનાં સ્વપ્નાં જોવાની પ્રેરણા પામીને ઉજ્જવળ ભાવિ માટેનાં સ્વપ્ન જોતી થઇ. તેમને સાકાર કરવા માટે રોજેરોજ તેને યાદ કરતાં રહી, માનસિક રીતે તે સિદ્ધ થાય તેની કલ્પના કરવા લાગી. એટલું જ નહિ પણ આ વાતોથી પ્રોત્સાહિત થઇ તેમાં રાચવા લાગી.

વિશેષમાં તેઓને એ પણ કહેવામાં આવ્યું કે શાળામાં રહીને અભ્યાસ પૂરો કરવો કે નહિ, તે તેમના હાથમાં છે. સંભવ છે કે એમ કરવામાં તેઓને મુશ્કેલીઓનો સામનો કરવો પડે, પરંતુ જો તેઓ ખંતપૂર્વક પ્રયાસ ચાલુ રાખશે તો એક દિવસ સફળતા માટેના માર્ગ અવશ્ય ખૂલશે. પણ આ માટે મહત્ત્વનું એ છે કે તેઓને ભગવાનમાં શ્રદ્ધા ને વિશ્વાસ હોવા જોઇએ કે જેથી પ્રકૃતિમાતા પણ ગમે તેમ કરીને તેમનાં સ્વપ્નને સાકાર કરવામાં સહાયરુપ બનશે.

અંતમાં તેઓને એ પણ યાદ દેવડાવવામાં આવ્યું કે વ્યક્તિગત રીતે તેમના જીવન વ્યવહારમાં ફેરફાર લાવવો તે તેમના હાથની વાત છે, જેથી તેઓ ગરીબાઇમાંથી બહાર આવી શકે. તેમને એ પણ ભારપૂર્વક કહેવામાં આવ્યું કે તેઓ પોતાનો



અભ્યાસ ચાલુ રાખે, એટલું જ નહિ પણ ખૂબ ખંતથી ભણે, જો તેઓ આમ નહિ કરે તો તેમની જિંદગી પણ તેમના માબાપની જેમ ગરીબાઇમાં જ વીતશે.

જે સંદેશો આ આદિવાસી બાળાઓને કહેવામાં આવ્યો તે સાચે જ પ્રેરક હતો. સ્વર્ગારોહણમાં હોય કે ડુંગરાળ પ્રદેશની અંદરની શાળાઓમાં—વાણીમાં વ્યક્ત થયો હોય કે ન થયો હોય છતાં પણ દાતાઓની આદિવાસી બાળકોને સહાયભૂત થવાની જે પ્રવૃત્તિ છે તે કરુણાસભર, પ્રેરક અને ઉત્કર્ષ માટેની છે. કારણ કે તે બધી પૂ. માની હાજરીમાં થઇ રહી છે. પૂ. મા બધાના હૃદય જીતી લે છે પછી ભલે તે નાનો હોય કે મોટો, તવંગર કે ગરીબ : ગમે તેમ પણ તે સૌ પૂ.માના જ બની જાય છે.

સાધના સતત નિયમિત બને એ જ ભાથું બાંધવું, તો એ યાત્રા પૂર્ણ બને. —મા

**a સદીપ વલ્ડીંગ વર્કર્સ aa**

**ગ્રીલ, દરવાજા, તેમ જ મેઇન ગેટના સ્પેશ્યાલીસ્ટ**

તેમ જ

**દરેક જાતનું રીપેરીંગ કામ કરનાર.**

મોદી બંગલા, ઉમરા જકાત નાકા પાસે, **સુરત**-૩૯૫૦૦૭

ફોન : (૦૨૬૧) ૨૨૫૪૯૮૨, ૨૨૫૮૮૦૪

# બીજમંત્રોના ગૂઢાર્થો

**'બ્રહ્મર્ષિ' જનાર્દન દવે**

પૂ. શ્રીમાને પ્રણામ.

શાક્ત ઉપાસના કંઇ તંત્રોથી શરૂ થઇ એવું નથી.

છેક ઋગ્વેદમાં જગદંબાની સ્તુતિ છે, તત્ત્વ વર્ણન છે. તેનાં મોટાં પ્રમાણ બે સૂક્તો છે—૧ શ્રીસૂક્ત ૨ વાક્ અંભૃણી સૂક્ત. શ્રીસૂક્ત લક્ષ્મી તો આપે સંપતિ પણ આપે, પણ એટલો જ તેનો પ્રભાવ માનનારા ભાનભૂલેલા છે. 'શ્રીસૂક્ત' એવું એનું નામ અને કેટલાક મંત્રોના માત્ર વાચ્યાર્થે આવો ભ્રમ ઊભો કર્યો છે.

કોઇપણ મંત્રના સાદા સીધા અર્થ ઉપરાંત તેમાં ૧ સંપ્રદાયાર્થ, ૨ કૌલિક અર્થ, ૩ રહસ્યાર્થ, ૪ આગમાર્થ એવા ચાર ગુપ્ત અર્થો હોય છે.

સાદો સીધો તારક મંત્ર 'રામ' જ લ્યો ને? રામ ભગવાનનું નામાત્મક રૂપ તે મંત્ર 'રામ'. પણ આ સમજ સુયોગ્ય હોવાં છતાં અધૂરી છે.

ગોસ્વામીજીએ એક જગ્યાએ ફોડ પાડીને સમજાવ્યું કે

"હેતુ કુસાનુ. ભાનુ હિમકર કો"

રામ મંત્રમાં 'ર' કાર 'અ' કાર મંકાર ત્રણ વર્ણ(અક્ષર) એ તો ત્રણ બીજ મંત્રો છે. એક કુસાનુ અર્થાત્ અગ્નિ બીજ છે. બીજું ભાનુ અર્થાત્ સૂર્યબીજ છે ત્રીજું હિમકર અર્થાત્ ચંદ્રબીજ છે.

અગ્નિબીજ કોટિજન્મના પાપ બાળે.



સૂર્યબીજ જ્ઞાનભર્ગથી તત્ત્વ સુધી લઇ જાય.

ચંદ્રબીજ મન બુદ્ધિ અને વૃત્તિઓને શાંત કરે.

સાદા સીધા 'રામ' મંત્રનો આ રહસ્યાર્થ છે.

દરેક દેવ—દેવીના મંત્રો છે. મંત્રના ત્રણ પ્રકારો છે.

૧ વૈદિક ૨ પુરાણોક્ત ૩ તંત્રોક્ત.

વૈદિક તાંત્રિક બેમાં સાવધાની વર્તવી પડે. પ્રાચીનો જ્યારે એમ કહેતા કે વેદ મંત્રોમાં અમુક લોકોનો અધિકાર છે અમુકનો નથી, ત્યારે એમાં ઊંચ નીચનો સવાલ જ ન હતો. અંભૃણ પુત્રી વાક્, મૈત્રેયી, ગાર્ગી, અપાલા, અરુન્ધતી આ બધી તો ઋષિકાઓ હતી. તેમને મંત્ર દર્શનો થતાં. ખુદ જગજ્જનની મા સીતા સંધ્યાવંદન ગાયત્રી જપ કરતાં. તેમણે એક વાર મુહૂર્ત વીતી જવાના ભયથી સસરા દથરથનું ગયા તીર્થમાં પોતે શ્રાદ્ધ કરેલું. પિંડ લેવા દશરથજીનો જમણો હાથ પ્રકટ થયો, પણ શ્રી સીતામાતા કર્મકાંડના નિયમોના જાણકાર હોઇ હાથમાં પિંડ ન દેતાં દર્ભના ચટ પર પિંડ દાન કર્યું અને પુષ્પ વૃષ્ટિ, સાધુ વાદ થયો.

બ્રાહ્મણોએ પણ વેદના મંત્રોના ઉચ્ચારણ ગાન શીખવા પડતાં વેદનાં છ અંગમાં એક 'કલ્પ' કહેવાય છે. તે ઉચ્ચારણોના ઉદાત્ત, અનુદાત્ત, સ્વરિત ત્રણ પ્રકારો શીખવી ગાન શુદ્ધિનો આગ્રહ રાખે છે. ત્વષ્ટા પ્રજાપતિએ ઇન્દ્રને હણનાર પુત્ર થાય એવા સંકલ્પથી યજ્ઞ કરાવ્યો. તેમાં "ઇન્દ્ર શત્રુ વર્ધસ્વ" એમ આહૂતિ આપતાં 'ઇન્દ્ર શત્રુ'માં ઉચ્ચારણ ભેદ થતાં ત્વષ્ટા ને વૃત્રાસુર નામનો પુત્ર થયો પણ ઉલટું બન્યું તેના વડે ઇન્દ્ર તો ન હણાયો, વૃત્રાસુર હણાયો.

આના બે અર્થ થાય. કોઇનું બૂરું થાય તેવું કર્મ કે વિચાર જ ન કરવા. અને વેદ/તંત્રમાં મંત્ર પ્રયોગમાં સ્ખલન ન થવા દેવું.

તો બીજ મંત્રો બહુ ભારે ઊર્જાવાળા છે.

કાલી ભગવતીનાં ક્રીં, હુમ્ બીજ છે.

કૃષ્ણનું ક્લીં બીજ છે.

હનુમાનજીનું 'હં' બીજ છે.

રામજીનું 'રાં' બીજ છે.

શનૈશ્વરનું 'શં' બીજ છે.

તમારે શ્રી શ્રી મા સર્વેશ્વરીનો બીજ મંત્ર જાણવો છે? લ્યો જાણો.

ૐ 'સં' શ્રીસર્વેશ્વર્યૈ નમઃ ।

નામનો પ્રથમાક્ષર લઇ ઉપર અનુસ્વાર લગાડો, બીજ મંત્ર તૈયાર. પણ કેટલાંકના વિશિષ્ટ બીજ મંત્રો હોય છે.

બીજી મજાની વાત વેદની એ છે કે કોઇપણ પુરુષરૂપ દેવ વેદમાં 'દેવતા' કહેવાય છે. દેવતા શબ્દ સ્ત્રીલિંગ છે.

**''अग्निर्देवता वातो देवता,**
**सूर्यो देवता चन्द्रमा देवता ।''**

એ નિરાજન(આરતી)ના મંત્રમાં અગ્નિ, સૂર્ય, વાયુ બધા દેવતા બન્યા, સ્ત્રીરૂપ થઇ ગયા. શક્તિ વિના શક્તિમાન ન જ હોય ને? શક્તિ શક્તિમાનનો અભેદ. તમે ૐ શ્રી યોગેશ્વર પરમાત્મને નમઃ બોલો તો મહાત્માજી પુરુષ. પણ ૐ શ્રી યોગેશ્વર દેવતાયૈ નમઃ બોલો તો મહાત્માજી સર્વેશ્વરીમા થઇ ગયા.



સાચી સમજ એ છે કે વિધિવિધાન બધા ઉત્તમ, પણ બહુ ભાંજગડમાં પડવા જેવું નહિ, શ્રદ્ધા ભક્તિના બળે શરણાગત ભાવે ભજન—પૂજન કરવું. મંત્રો જિહવાગ્રે છે. ગીતા મોઢે છે, શાસ્ત્ર વાદિતા છે, સરસ પણ ભગવાન આદિ શંકર કહે છે,

**षडंगादि वेदो मुखे शास्त्रगीता,**
**कवित्वादि गद्यं सुपद्यं करोति ।**
**मनश्चेन्न लग्नं गुरोरंध्रिपद्मे,**
**ततः किम् ततः किम् ततः किम् ततः किम्?**

**જય મા**

મનુષ્યો પેટની ભૂખનો અગ્નિ શાંત કરવામાટે સંસારરૂપી સમુદ્રમાં કેવળ ડૂબી જાય છે. ટાઢના દુઃખને શાંત કરવામાટે ઘરમાં આગ મૂકી તે સળગાવવું એ યોગ્ય નથી.

અર્થાત્ પેટ ભરવું એ ઝાઝું કઠિન નથી, પણ તે ઉપરાંત જેની જીવનનો નિભાવ કરવામાં કશીય ઉપયોગિતા નથી એવી અનેક આવશ્યક્તાઓ ઊભી કરી, મનુષ્યો તેની પૂર્તિ કરવામાટે અનેક સાચાંખોટાં કૃત્યો કરી જન્મો વધારી મૂકે છે, તેમાંથી છૂટી ન શકાય આટલો બધો બોજો ઊભો કરી સંસારમાં ડૂબી જાય છે. જીવનો ઉદ્ધાર થઇ શકે એવાં સત્કાર્યો કરવામાટે તેઓને અવકાશ મળતો નથી. આ તો ટાઢનું દુઃખ દૂર કરવા ઘર સળગાવી દેવા જેવી બુદ્ધિમત્તા કહેવાય!

('શ્રીવૈરાગ્યશતક'માંથી)

# વિદેશની ધરતી પર પૂ.માની યાત્રા

મા સર્વેશ્વરી

બ્રીજ એટલે વ્રજ, બ્રીજવાલી એટલે ભગવાન શ્રીકૃષ્ણ. બ્રીજ સાથે અહીં વોટર શબ્દ છે, તો અંગ્રેજી પણ વોટર એટલે પાણી. હા. વ્રજની વિહારભૂમિ યમુના તીરે છે. એટલે આ પાણી યમુનાજળ છે. વ્રજનું યમુનાજળ.

ભગવાન શ્રીકૃષ્ણનું પવિત્ર સ્મરણ કરાવતી આ ભૂમિ ઉપર એક જ રાત વિશ્રામ થયો છે.

પ્રભાતે સૌ રાતનો વિશ્રામ લઈને પાછા પ્રસન્નતા પ્રાપ્ત કરી જાગ્યા છે. રાતની એ મીઠી નિદ્રામાં શ્રીહરિ સૌને પોતાનો શ્રમહર સ્પર્શ ધરી શક્તિ સ્ફૂર્તિથી સંપન્ન કરી દે છે.

આજે સવારે દશની બેઠક સામેની મોટલમાં જ હતી. ગઈરાતે પણ બેઠક ત્યાં જ હતી. તે મોટલની માલિક વિદેશી મહિલા છે. તેને જરાક પરિચય આપ્યો શ્રીજગુભાઈએ તો તે કહે, "મારી મોટલની પ્રગતિ માટે પણ એ પગલાં પાડે એવું ઈચ્છે છે."

ચાઈનીસ મહિલામાં જાણે કોક ધર્મના સંસ્કાર જાગી રહ્યા હોય એવું લાગે છે. એના સંસ્કારો જાણે એને ઢંઢોળીને કહી રહ્યા હશે. 'શ્રીહરિ' પધારે છે તો આશીર્વાદનો થાળ તું પણ મેળવી લે."

આજની ૧૦ વાગ્યાની બેઠકમાં લીલામૃતના બે અધ્યાય સાથે દરરોજની પ્રાર્થના થઈ છે. લીલામૃતને અંગ્રેજી લીપીમાં પણ બહેન અર્પિતા દેવાંગે બાળકોની સેવામાં તૈયાર કર્યું છે. સૌ



તે વાંચવા–ગાવા પ્રયત્ન કરી લે છે. એ લીલામૃતના બે અધ્યાયનો સાર ભાઈ રાજુ સૌને પીરસે છે.

તે પછી બહેન રાધિકાના જન્મ સમયે બે દિવસની રાધિકાને મા તિલક કરે છે તેની DVD ઉપર એક ક્ષણની ઝલક બતાવી મા લખે છે 'અરે, શ્રીહરિ હાથમાં કલમ લે છે!'

DVDમાં જે નાનકડી દીકરી આપણે જોઈ તે દીકરીએ જન્મ થતાં જ તેની નાનકડી નાજુક આંખથી માને જોયાં છે. તે દીકરી આજે તો ૧૬, ૧૭, ૧૮, વરસની થઈ ગઈ! હાઈસ્કૂલ પણ પૂરી કરી, અરે, તે દીકરી આપણી વચ્ચે જ બેઠી છે. અરે, તે સરસ ભજનો પણ ગાય છે.

તે હવે કોલેજના દ્વારે ઊભી છે, તો આજે તેને પ્રસાદ આપીને વધાવીશું.

એ રીતે બહેન રાધિકાને વધાવવાનો કાર્યક્રમ પ્રારંભ પામે છે. તે પહેલાં ભાઈ કૌશલ નાનકડો બટૂક છે. તેની પાસે મા ધૂન ગવડાવે છે.

તે ધૂન ગાય છે–

યશોદાનંદન બને હમારે,
સરોડાનંદન ગુરુ ગોવિંદમ્.
સૂર્યપૂરીમેં દર્શન દીન્હો,
સર્વેશ્વરી સાષ્ટાંગ કરે.
અરસપરસમેં વંદન કરે,
જનમ જનમ કે ભેદ ભૂલે.
જનસમાજ કો પ્રભુ મીલે ઔર,
હમ બચ્ચો કો માન મીલે.

એ પદની રચના શ્રી સુશીલાબહેને જ કરી છે. માનાં મોટાંબહેન સુશીલાબહેનનો એ નાનકડા પૌત્ર કૌશલે તે સરસ રીતે રજૂ કરી છે.

રાધિકાને મા વરદહસ્તની કલાકૃતિ તથા શ્રી નિર્મલે તૈયાર કરેલું સ્વરૂપ તથા નાનુ આઈપોડ (જેમાં રાધિકાના કંઠને સહાયક થાય તેવા અર્ધ શાસ્ત્રીય પદો શ્રી જગુભાઈએ મૂક્યાં છે.) પણ અર્પણ થયા છે. સૌ વડીલોને, વંદન કરાવ્યા છે. અને તે પછી બહેન પૂજાનો વધામણીનો નાનકડો સત્કાર સમારંભ શરૂ થયો છે.

બહેન પૂજાએ હાઈસ્કૂલ પૂરી કરી દીધી છે પણ ઝળહળતી પ્રગતિ સાથે. અનેક એવોર્ડ, અનેક ઈનામો, અનેક પ્રવૃત્તિમાં

સૂર્યની જેમ ચમકી છે. અરે, એ દીકરીની તસ્વીરો ને ઈન્ટરવ્યુંના અહેવાલ વર્તમાન પત્રોમાં ચમક્યા છે.

એ તેજસ્વી તારલાને વધાવવા તો પડે. પૂજાના એ કાર્યો જાણે પૂજાપાત્ર નામ પ્રમાણે બની ગયા છે.

પૂજાને વધાવતાં પાત્રો છે, ભાઈ હિતેશ, ભાઈ ઉજ્જવલ, હેમાલી અને પડદા પાછળ કાર્યરત ભાઈ અનિલ છે. બહેન ક્ષીપ્રા પણ છે જ ને.

જાણે કોઈ શહેરના પ્રસિદ્ધ હોલમાં કોઈ મોટી વિશેષ વ્યક્તિનું સન્માન કરવાનું હોય એ રીતે ભાઈ હિતેશ જાહેર કરે છે. ત્યાં જ સામે બેઠેલા નાનાં નાનાં બાળકો કાગળ લઈને ઊંચા કરે છે જેમાં પૂજા નામ લખ્યું છે. ધન્યવાદના થોડા કાગળો જે બીજા બાળકો ઊંચા કરે છે.

ઉજ્જવલ થોડી વાતો કરી તે વર્તમાન પત્ર બતાવતો ઊભો



છે જેમાં પૂજાના ફોટા ને પૂજાની વાત છે.

અને તે પછી યાત્રામાં ૧૧ વડીલો છે તે સૌને ઊભા કરવામાં આવ્યા છે. તેમને એક—એક ફૂલ આપ્યું છે. બહેન પૂજાએ તેમની પાસે જઈને તેમને પ્રણામ કરવાના છે, આશીર્વાદ લેવાના છે. સૌ વડીલોના આશીર્વાદ પામી પૂજા મા પાસે આવી છે. મા તેને વરદહસ્તની કલાકૃતિ આપે છે.

બહેન પૂજા તે ખોલે છે. સૌને બતાવે છે. જેમાં વરદહસ્ત ગુજરાતી ને અંગ્રેજીમાં અર્થ સાથે લખ્યું છે. તે પછી શ્રીનિર્મલે તૈયાર કરેલું સ્વરૂપ મા આપે છે.

કોલેજના દ્વારે એક એવો પાર્ટનર હોવો જોઈએ જે સતત તમારી સાથે હોય, જે સતત તમને જોતો હોય, દોરતો હોય.

અને તે પછી ૨૪ બાળકોનાં નામ બોલાયાં છે તે જુદી જુદી ચોકલેટ બીસ્કીટ લઈને વારાફરતી પૂજાને આપી પૂજાને ધન્યવાદ ધરે છે.

તે પછી યાત્રીઓ વતી શ્રીમંજુલાબહેનના હાથે પૂજાને પરિવારવૃક્ષ(ફેમીલી ટ્રી)નું પ્રતીક અપાયું છે.

પૂજાએ પોતાનો પ્રતિભાવ આપ્યો છે. પ્રસન્નતાથી અચરજ સાથે જરા સંકોચ સાથે આ બધું જ તેણે સ્વીકાર્યું છે.

વિદ્યાર્થી જગતને માટે પ્રેરક પગદંડી બની રહેલી પૂજાને વધાવવાની એક પવિત્ર ફરજ હતી.

એ બાળક પણ માનાં મોટાબહેન શ્રીશારદાબહેનનું જ છે. કર્પૂરવનના સંનિધિ પર્વના યજમાન શ્રી જગદીપ—નયનાની એ તેજસ્વી દીકરી છે.

મા પરિવારનું છે માટે નહીં, પણ તેજસ્વી તારલી છે, માટે

તટસ્થભાવે વધાવવાનું કાર્ય પૂર્ણ થયું છે.

નાની ઉંમરે સારાં કાર્યો કરીને પેપરના પાને ચમકવું એ ઘણી મોટી સિદ્ધિ છે.

મા પણ પોતાના એક પ્રસંગને આજે વાગોળી લે છે. આ રહ્યો તે પ્રસંગ.

મા સ્કૂલમાં હતાં. ભારતની સરહદે ત્યારે યુદ્ધની નોબત વાગી. અનેક યૌદ્ધાઓ શહીદ થયા.

જન્મભૂમિ વર્તમાનપત્રમાં જાહેરાત આવી. શહીદોને સહાય કરો.

પૂ.બાપૂજીએ વંચાવ્યું. પૂછ્યું.

તારે કંઇક આપવું છે? શહીદોના સ્મારક માટે?

હા. શું આપવું છે!

એ વિદ્યાર્થીનીને થયું આ હાથની સોનાની વીંટી છે, તે આપી દઇએ.

પૂ.બાપૂજીએ એ વાત વધાવી લીધી. પૂ.બાપૂજી તો આદર્શ શિક્ષાગુરુ તરીકે જન્મથી જ પ્રસાદમાં મળ્યા હતા. એટલે એ શિક્ષાગુરુ પ્રસન્ન જ થાય ને?

અને પૂ.બાપૂજીએ વીંટી સાથે ૧૧ રૂ. પોસ્ટ પારસલમાં મુંબઇ મોકલ્યા.

અને તે પહોંચી ગયા જન્મભૂમિ વર્તમાન પત્રના કાર્યાલયમાં.

એક ધન્ય દિવસે વર્તમાન પત્રમાં યાદીમાં નામ આવ્યું.

સરોજબહેન કાલીદાસ કપૂરા. તા. વ્યારા. જી. સુરત ૧ સોનાની વીંટી અને ૧૧ રૂ.



—પૂ.બાપૂજીએ વંચાવ્યું. હા અને એ સરોજને ખૂબ આનંદ થયો.

વીંટી તો બાપૂજીનાજ પરિશ્રમની પ્રસાદી હશે. તો ૧૧ રૂ. પણ એમનો જ પ્રસાદ. પણ નામ આવ્યું વર્તમાનપત્રમાં. જાણે લાગ્યું અધ—ધ—ધ કેટલી મોટી વાત! કેટલી મોટી પ્રસિદ્ધિ!

પછી તો તે વર્તમાનપત્રનું નાનકડુ કટીંગ પણ નોટમાં ચોંટાડી દીધું.

ગૌરવ લેતાં લેતાં. જૂઓ કેવું સરસ કામ થયું. અરે, નામ પેપરમાં આવ્યું!

એ વર્તમાનપત્ર જે દિવસે વાંચ્યું તે દિવસ જાણે ધન્ય થઇ ગયો.

એક નાનકડું નામ, એક નાનકડું સત્કર્મ, તે પણ બાપૂજીની પ્રેરણાથી થયેલું, છતાં તેનું ગૌરવગાન આ મનથી દિવસો સુધી, મહિનાઓ અરે, વરસો સુધી આજે પણ ગવાયું જને!

૪૮, ૪૯, ૫૦ વરસ પહેલાંની એ વાત સ્મરણ પટ ઉપર ચમકાવી શ્રીહરિએ આ નિત્યનોંધની નગરીમાં ઉતારી છે.

એક જ લીટીમાં માત્ર નામ. છતાં તે સ્મરણ હજી એવું જ તાજું છે. મનઅંતરને ગમે છે.

(ક્રમશઃ)

# શ્રીરામકૃષ્ણદેવને કાલીનું દર્શન

નારાયણ હ. જાની

૧૮૫૬ના વર્ષના મહિનાઓ જેમ જેમ પસાર થતા ગયા, તેમ તેમ શ્રી રામકૃષ્ણના સાધનાત્મક પ્રયત્નો વધુ ને વધુ ઉત્કટ બનતા ગયા. કાલીમાતાની મૂર્તિને બહુ કરુણભાવે પ્રાર્થના કરતાં. કહેતાઃ– "હે મા, તેં તારી કૃપા રામપ્રસાદ અને બીજા ભક્તો ઉપર અગાઉ વરસાવી દર્શન આપ્યાં, તો તું મને તારું દર્શન કેમ આપતી નથી? હે મા, તું મારી પ્રાર્થના કેમ કાને ધરતી નથી? હું તને કેટલાય વખતથી પ્રાર્થું છું." અને આમ કહેતાં તેઓ ખૂબ હૈયાફાટ રુદન કરતા.

પાછલાં વર્ષોમાં પોતાની સાધનાના આ સમયને યાદ કરીને શ્રી રામકૃષ્ણ કહેતા કે કેવી ભયંકર યાતનાના એ દિવસોમાંથી હું પસાર થયો! જગદંબાના વિયોગના મારા દુઃખની તમે કલ્પનાય નહિ કરી શકો. પણ આ સ્વાભાવિક જ હતું. ઘડીભર કલ્પો કે ચોરની પાસેના ઓરડાઓ વચ્ચે પાતળું પાર્ટીશન જ છે. તો શું તે ચોર શાન્તિપૂર્વક ઊંઘી શકે કે? શું તે ઓરડાની દિવાલ તોડીને સોનું મેળવવાનો પ્રયત્ન કર્યા વિના રહી શકવાનો? મારી દશા પણ કંઇ આવી જ હતી. હું સારી પેઠે સમજતો હતો કે મા જગદંબા મારી ખૂબજ પાસે છે. તો પછી હું બીજી કોઇ વસ્તુની ઇચ્છાજ કેમ કરી શકું? મા જગદંબા તો અનંત સુખના સાગરરૂપ છે. એની સરખામણીમાં, આખી દુનિયાની સંપત્તિ તુચ્છમાત્ર છે.'

ઘણીવાર મૂર્તિસમક્ષ તે ધ્યાનમાં ડૂબી જતા અને એકસાથે



કલાકો સુધી ધ્યાનમાં સ્થિર થઇ જતાં પૂજાની વિધિ અટકી જતી. આને લીધે, મંદિરના કેટલાક કર્મચારીઓ એમના પ્રત્યે ગુસ્સે થઇ જતા, તો બીજા કેટલાક એમને અર્ધ ચક્કર ગણી એમની હાંસી ઉડાવતા. પરંતુ મથુરબાબુ શ્રી રામકૃષ્ણથી ખૂબ જ પ્રભાવિત થયા હતાં. તે રાણી રાસમણિને કહેતા કે આપણને જગદંબાની પૂજા માટે બહુ સરસ પૂજારી મળી ગયો છે. વહેલે મોડે, એ મૂર્તિમાં ચેતન અવશ્ય પ્રકટાવશે.

મથુરબાબુની આ વાત ટૂંક સમયમાંજ સાચી પડી. પોતાની તે વખતની અનુભૂતિનું વર્ણન કરતાં પાછળથી રામકૃષ્ણદેવ કહેતા : મા કાલીનું દર્શન ન થવાને લીધે મને હૃદયમાં અસહ્ય પીડા થતી. જેમ માણસ પોતાના પલાળેલા રૂમાલમાંથી પાણી કાઢવા ખૂબ જોરથી નીચોવાઇ જતું હોય એમ મને લાગતું. મને નિરાશા થતી

કે મા જગદંબાનું દર્શન મને કદીય નહિ થાય. એની વ્યથાથી હું જાણે મરવા પડ્યો હોઉ એવો થઇ ગયો. એ પીડાને લીધે મને થતું કે હવે જીવવાનું પ્રયોજન શું છે? એ વિચાર આવ્યો ત્યાં મા જગદંબાની પ્રતિમાની બાજુમાં લટકાવેલા ખડ્ગ ઉપર મારી નજર અચાનક પડી. મેં મારા જીવનનો એ ક્ષણે ત્યાંજ અંત લાવવાનો નિશ્ચય કર્યો. એક ગાંડા માણસની જેમ દોડીને એ ખડ્ગ મેં ઉપાડી લીધું. પરંતુ ત્યાં તો...મા જગદંબાનું મને અદ્ભુત દર્શન થયું ને હું બેભાન થઇને જમીન પર ઢળી પડ્યો. એ અવસ્થામાં જાણે કે ઘરો, દરવાજા, મંદિર અને આજુબાજુનું બીજુ સર્વકાંઇ દેખાતું બંધ થઇ ગયું. અને પ્રકાશના અનંત ચિન્મય સાગર લિવાય બીજું કાંઇજ ન રહ્યું. ચારે બાજુ ને દૂર દૂર સુધી મેં જોયું તો એક પછી એક પ્રકાશનાં મોજા જાણે કે

મારી તરફ આવતાં હોય એમ દેખાયું આ મોજાં ખૂબ વેગથી મારી તરફ ધસી આવતાં હતાં અને પછી થોડીજ વારમાં એ મોજાં મારા ઉપર ફરી વળ્યાંતેમજ હાંફવા લાગ્યો, તેમજ બહાર નીકળવા ફાંફાં મારવા લાગ્યો, પરંતુ મારું ભાન મેં ગુમાવી દીધું.

શ્રી રામકૃષ્ણના વર્ણન ઉપરથી એ બરાબર સ્પષ્ટ થતું નથી તે તેઓ પ્રકાશના સાગરનાં ચિન્મય મોજાંઓમાં ડૂબી ગયા ત્યારે એમને મા જગદંબાનું દર્શન થયું કે કેમ? પરંતુ એ થયું હોવું જોઈએ એમ લાગે છે; કારણ કે જ્યારે તેઓ ફરી ભાનમાં આવ્યા ત્યારે સહુ પ્રથમ તેમના મુખમાંથી 'મા, મા' શબ્દો જ નીકળ્યા.

આ દર્શન પછી રામકૃષ્ણની અવસ્થા એવી થઈ ગઈ કે તેઓ જગદંબાના ધ્યાનમાં એવા ગરકાવ રહેતા કે તેઓ મંદિરની પૂજા બીલકુલ કરી શકતા નહિ. એમના ભાણેજ હૃદયને એમના વતી તે કરવી પડતી. પોતાના મામાની માનિસક હાલતથી હૃદય એટલો બધો ગભરાય ગયો કે તેણે તેમની સારવાર માટે દાક્તરને બોલાવ્યા પણ તે જરાય કારગત ન નીવડ્યા.

જે દિવસો દરમ્યાન શ્રી રામકૃષ્ણ પૂજા કરવાને શક્તિમાન બનતા તે વખતે એક વિચિત્ર ઘટના બનતી. પાછળથી રામકૃષ્ણ દેવ એનું વર્ણન કરતાં કહેતા કે જેવો હું ધ્યાન કરવા બેસું કે મારા શરીરનાં અંગોમાં મને કડ કડ અવાજ સંભળાવા લાગતો.

સૌ પ્રથમ તે પગોમાં સંભળાતો. મને એવું લાગતું કે કોઈ મારા અંગો ને એક પછી એક ચાવી ફેરવીને બંધ કરતું ન હોય! એ પછી



શકતો નહી. મારું મન પરાણે ધ્યાન કરવા લાગી જતું તેને હું અટકાવી શકતો નહિ, કે બીજે જઈ શકતો નહિ અથવા તો મેં ઈચ્છ્યું હોય એમ બીજું કાંઈ કરી શકતો નહિ જાણે પરાણે મને એકજ આસનમાં બેસવાની ફરજ પાડવામાં ન આવી હોય! તે પછી ધ્યાન પૂરું થતાં ફરી પાછાં જાણે કે મારાં અંગોને ચાવી વડે કોઈ ખોલતું ન હોય એમ એક પછી એક અવયવો છૂટા થતા. પરંતુ આ વખતે એનો પ્રારંભ ગરદનથી થતો અંત—પગોમાં આવતો.

જ્યારે હું બેસતો ને ધ્યાન કરતો, ત્યારે મને સૌ પ્રથમ આગિયાના ટોળાં જેવા પ્રકાશના તણખાઓનું દર્શન થતું. તો કેટલીકવાર મને ધુમ્મસની જેમ પ્રકાશના પૂંજ વડે બધી જ વસ્તુઓ ઢંકાઈ જતી દેખાતી, તો બીજી કોઈવાર જાણે તપાવેલી ચાંદીના પ્રવાહી જેવા પ્રકાશનાં મોજાંઓ બધી જ વસ્તુઓને સંપૂર્ણ રીતે છાઈ વળતાં. હું જે કાંઈ જોતો તે શું છે, તેની મને તે વખતે સમજ ન હતી. તેમજ હું પણ જાણતો નહિ કે આવા દર્શન થવા તે સારું કહેવાય કે ખરાબ. એટલે હું ઉત્કટતાપૂર્વક જગદંબાને પ્રાર્થના કરી કહેતો કે "હે મા, મને આ શું થાય છે, તેની મને ખબર પડતી નથી. તને કેમ ઓળખવી એ કૃપા કરી મને શીખવ. જો તું મને ન શીખવે તો બીજું કોણ મને શીખવવાનું?"

શ્રીરામકૃષ્ણના આવા સીધા સરળ ઉદ્‌ગારોથી એ જગદંબાના બાળક સમા કેવા હતા, એનું ખૂબ આબેહુબ દર્શન આપણને થાય છે, જે એમના અન્ય સમકાલીનોના ઉદ્‌ગારોથી ભિન્ન જણાય છે. હવે તેઓ દરેક બાબતમાં—પછી ભલે તે સાવ

નજીવી કેમ નથી હોતી—એક બાળકની જેમ, મા જગદંબાની ઈચ્છા પ્રમાણે ચાલતા. તેમની આવી વર્તણૂક વિષે લોકો શું કહેશે એ વિષે તેઓ તદ્દન ઉદાસીન હતા.

આ પછી તેઓને મા જગદંબાનું દર્શન અવારનવાર થતું. તે કેવળ મંદિરની અંદર જ નહિ પરંતુ બહાર પણ થતું એ માટે એમને ધ્યાનમાં બેસવાનો કોઈ પ્રયાસ કરવો પડતો નહિ. મંદિરમાં હવે તેમને કેવળમૂર્તિનું નહિ, પરંતુ મા જગદંબાનું ચિન્મય સાક્ષાત્ સ્વરૂપ દેખાતું પાછળથી આ વિશે વર્ણન કરતાં તેઓ કહેતા કે હું માના નસ્કોરાં આગળ મારો હાથ ધરતો, તો મને ખરેખર શ્વાસ લેતી જણાતી. હું એને ખૂબ ધ્યાનપૂર્વક જોતો, પરંતુ રાત્રે મને દીવાના પ્રકાશમાં તેનો પડછાયો મંદિરની ભીત ઉપર કદી જણાતો નહિ રમતિયાળ નાની બાળાની જેમ, પગમાં ઝાંઝરનો ઝણકાર કરતી તે ઉપરના માળે દોડતી તેનો અવાજ મને મારા ઓરડામાં સંભળાતો. આ ખરેખર એનો જ અવાજ છે એની ખાતરી કરવા માગતો હોવાથી હું એકવાર બહાર દોડી આવ્યો. તો મેં તેને મંદિરના બીજા માળના ખુલ્લા ભાગમાં ઊભેલી જોઈ. તેના વાળ છૂટા હતા અને ઘડીમાં તે કલકતા તરફ તો ઘડીકમાં ગંગાજી તરફ જોતી હતી.''

(શ્રી ક્રિસ્ટોફર ઈશરવુડના આધારે)



# પૂ. માની નિત્યનોંધ

મા સર્વેશ્વરી

### તા. ૭–૧૨–૦૭ મહાબળેશ્વર

આ મહાબળેશ્વર મહાદેવ બળ કરીને માને અહીં જ રહેવા જાણે આગ્રહ કરે છે. તો જ માને પણ મનમાં ઉપરામતા લાવવા દેતા નથી. આખરે તો શ્રી ગુરુભગવંતના નકશા પ્રમાણે જ આ જીવનરથ દોડે, અટકે, વિરામ પામે. વિદેશથી પુનરાગમન સ્વદેશ અને સ્વદેશમાં પણ સત્યપથ કે સ્વર્ગારોહણ નહીં, મહાબળેશ્વરના મહાદેવની ઈચ્છા એમને આંગણે ઉતરવાની હતી, તો રથ અહીં વિશ્રામ પામ્યો છે.

એક પણ ક્ષણ આપણી ઈચ્છાની નથી. સર્વોપરી સમર્થ સ્વામી શરણાગતને ધારે ત્યાં, ધારે તે રીતે સ્થિર કરી શકે છે. તેમાં આનંદ છે, હળવાશ છે, નિરાંત છે, અલખની મોજ છે.

આ નિરાંતની ક્ષણોમાં ઠંડુ હવામાન આજે માને ફરજિયાત વિશ્રામ ધરતું ગયું છે. અકસ્માત પછી કમ્મર, મસ્તક, ચરણ ત્રણેને હવામાન તરત જ ઘેરી લે અને ખૂબ પ્રેમથી વેદનાનો પ્રસાદ ધરી દે, એટલે વિશ્રામ કરવો જ પડે.

વિશ્રામ પછી ૩૩૪ માળા થઈ ગઈ. એ પછી નિર્મલને કંઈક સૂચના આપવા સ્લેટ હાથમાં લે છે. ત્યાં જ પ્રકાશદર્શન થયું છે. હાથ સ્લેટ છોડીને નમસ્કારની મુદ્રામાં સહજ રીતે આવી ગયા. અને મન પ્રાર્થનામાં જોડાઈ ગયું. નેત્રો એ પ્રકાશ દર્શનને સતત માણવામાં કાર્યરત થઈ ગયાં છે. રાતે ૮—૦૦ વાગ્યા છે.

અચાનક પ્રકાશદર્શન થયું છે. દર વખતે અચાનક જ પ્રકાશ ઘેરી વળે છે. માને એવું લાગે છે કે અચાનક છે. પણ એ બધું

પૂર્વયોજીત જ હશે. સ્થળ ગમે તે હોય, બારી બારણા ભલે બંધ હોય, ઓરડામાં અન્ય હોય કે ના હોય. માની પ્રકાશદર્શનની પ્રાર્થના હોય કે ના હોય, એવા કોઇ અવરોધ એને નડતા નથી.

અવકાશ જ પ્રગટે. માની આસપાસ જ નર્તન કરતા હોય. કોઇ પણ કાર્યમાં મગ્ન હોય પણ માના મનઅંતરને જાણ તો કરે જ, અને બધા જ કાર્યોમાંથી મનને વાળીને એ પ્રકાશસ્વરૂપ પરમતત્ત્વ તરત જ પોતાનામાં જ જોડાવી દે. ઉઘાડી આંખે એ પરમતત્ત્વનો પ્રભાવ જ એવો હોય છે કે માત્ર ને માત્ર એને જ માણવાનું બને છે.

એક જ મિનિટનું હોય પણ આનંદ ને શાંતિ ધરનારું, કરનારું, ઉઘાડી આંખે અનુભવાતું એ તત્ત્વ એકદમ શીતળ હોય છે. પ્રકાશતત્ત્વ એટલે કે અગ્નિનું જ રૂપ. એટલે અહીં આ પ્રકાશતત્ત્વ દાહક—દઝાડનારું હોવું જોઇએ એવું સામાન્ય રીતે અર્થઘટન થાય. પણ આ પ્રકાશદર્શન—પ્રકાશતત્વ શીતળ હોય છે. ઠંડક ધરતું હોય છે.

માના શરીરની છેક નજીકથી તે પ્રગટે છે ને વિલીન થાય. એક સાથે ઘણા બધાં કિરણો ઘણીવાર શરીરમાંથી જ પ્રગટે ને પાછાં વિલીન થાય; પણ કદી તે પોતાની દાહક શક્તિનો પરિચય આપતાં નથી. સદા માટે શીતળ જ હોય છે.

ઉઘાડી આંખે સંપૂર્ણ જાગૃતિમાં એ પ્રકાશનાં કિરણો સતત જોવાં ગમે તેવાં હોય છે. આજે વળી તે પ્રકાશનાં કિરણો માના શરીરની છેક ઉપર પણ ખૂબ મોટાં મોટાં પ્રગટ થતાં જોઇ શકાયાં. જાણે લાગે કે આ પ્રકાશિત કરી દેશે.

આજે તો જાણે લાગતું હતું કે આટલાં બધાં ઊંચાં ને મોટાં પ્રકાશ કિરણો છે તો કોઇક દેવતત્ત્વ દર્શન આપશે કે શું? જાણે કોઇ દેવીતત્ત્વ પધારવા જાણે પ્રકાશિત પગદંડી પ્રગટી કે શું?



પરંતુ એ પ્રકાશતત્ત્વ ત્યાં જ શાંત થઇ ગયું.

એ પ્રકાશકિરણનું અર્થઘટન કરતાં પૂ.શ્રી વારંવાર કહેતા એ પરમાત્માનું મૂળ સ્વરૂપ છે. સૃષ્ટિનું એ બીજ છે. એ પ્રકાશદર્શન સામાન્ય નથી. ઋષિમુનીઓને પણ દુર્લભ હોય છે.

માને એ અર્થઘટનથી આનંદ તો થતો, આજે પણ થાય છે, પણ પૂર્ણ સંતોષ થતો નથી.

મા તો ઇચ્છે છે કે એ પ્રકાશતત્ત્વ પોતે જ મૌન છોડીને માને એના સુમધુર કંઠે સમજાવે કે એ કોણ છે? એ ક્યાંથી પધારે છે? એ શા માટે પધારે છે? એ કેવી રીતે પધારે છે? એ શા માટે પાછું અદૃશ્ય થઇ જાય છે? શા માટે કેવી રીતે અદૃશ્ય થઇને ક્યાં પાછું જાય છે?

આ બધા પ્રશ્નો છે. માને શ્રદ્ધા છે કોઇક દિવસ તો એ પ્રકાશ સ્વરૂપ પોતાનું મૌન પૂર્ણ કરશે જ.

આજના પ્રકાશદર્શનની જે તેજ લકીર હતી તે ખૂબ મોટી ને ઊર્ધ્વગામી હતી. હવે જાણે એ પ્રકાશનું પરમતત્ત્વ પોતાનું વર્તુળ વિસ્તારી રહ્યું છે.

લાગે છે કે હવે એ કોઇક દૈવી તત્ત્વની પુનિત પગદંડી બની રહેશે. એ પગદંડી ઉપર પરમેશ્વરની પુનિત પગલી સ્થિર થશે. પરમેશ્વરને સામાન્ય આપણી આ આંખોથી દેખાતી પગદંડી પ્રિય ના હોય. એને તો પ્રકાશિત, અવકાશી, અલૌકિક, નર્તન કરતી જ ઝળહળતી પગદંડી જ પસંદ હશે કે જેના ઉપર એ પોતાના કમળસમાં ચરણો સ્થાપી શકે.

પરમતત્ત્વના શ્રી ચરણકમળને સ્થિર કરવા કે ઝીલવા કે સમાવવા પણ પાત્રતા જોઇએ. એવી પાત્રતા આ પ્રકાશના તેજસ્વી, ઝળહળતા, નર્તન કરતા કિરણોમાં હશે, તો જ એને પગદંડી તરીકે સ્થાન મળ્યું હશે.

જેમ ખૂબ મોટા માણસો ચાલતા ના આવે. ઘોડાગાડી કે સારામાં સારી ગાડીમાં આવે અને આવે તો તેની આગળ પાછળ એના સેવકો, મિત્રો પણ હોય. પછી તે પધારે. એ રીતે આ પ્રકાશકિરણો પ્રભુના પ્રિય પાર્ષદો હશે. પાર્ષદ અને પરમેશ્વર વચ્ચે પાતળી જ ભેદરેખા હોય છે. ઘણી બધી સામ્યતા એ બન્નેમાં રહેલી હોય છે.

એટલે આ પ્રકાશનું પરમતત્ત્વ પાર્ષદ હશે કે પરમેશ્વર હશે? જે હોય તે. શ્રી ગુરુભગવંત કહે પરમેશ્વરનું જ એ નિરાકાર સ્વરૂપ છે. તો તેવું માનવામાં પણ માને કોઈ વાંધો નથી.

પણ એ પરમતત્ત્વ પોતે જ પોતાનો પ્રેમથી પૂર્ણ પરિચય આપે એ તો ઈચ્છવા જેવું છે.

હે પરમતત્ત્વ, અમારા પ્રેમભર્યા પ્રણામ. આપનો આ અનંત ઉપકાર છે. આપનો આભાર માનતા પ્રણામ હો. આપના પ્રકાશિત સ્વરૂપને પ્રણામ, પ્રણામ, પ્રણામ, પ્રણામ, પ્રણામ, પ્રણામ, પ્રણામ, પ્રણામ, પ્રણામ, પ્રણામ, પ્રણામ.

(ક્રમશઃ)



# રસેશ્વરી

**શ્રી યોગેશ્વરજી**

‘તે તો જાણું છું. તોપણ મારે માટે એ માર્ગ મધુમય અને અનુકૂળ જ થઈ પડશે એવી શ્રદ્ધા છે. આગળની ચિંતા મારે નથી કરવાની, કૃષ્ણને કરવાની છે. મેં તો મારું બધું એને અર્પી દીધું છે.’

‘તારું બધું જ?’ કૃષ્ણે પૂછ્યું.

‘હા. મારું બધું જ.’

‘રાધા, તું એકેક પગથિયું આગળ વધતી જાય છે.’

‘પરંતુ મારો પંથ પવિત્ર, પ્રામાણિક અથવા સાચો છે, પછી હું નિશ્ચિત તેમ જ નિર્ભય છું.’

સુપ્રિયાએ રાધાના શબ્દોમાં સુર પુરાવ્યો એટલે કૃષ્ણે કહ્યું :

‘આવતીકાલની ચિંતા કરવાને બદલે આજનો રાસ માણીએ અને આનંદ લૂંટીએ તે જ બરાબર છે. આ ઉત્સવમય અમૂલખ જીવનને પીયૂષપાનમાં પલટાવવાને બદલે વ્યર્થ વિષાદમાં ના વહાવી દઈએ. લો, હું તમને ઉત્સવના પ્રતીકરુપ વાંસળી સંભળાવું!’

કૃષ્ણે વગાડવા માંડેલી વાંસળીના સ્વર વાતાવરણમાં વહેવા માંડ્યા.

એની અસરથી સઘળું સુધામય બની ગયું.

યમુના ઘેનમાં પડી ગઈ, પ્રકૃતિ પ્રસન્નતાથી પરિપ્લાવિત બની રહી, ગાયો રસાસ્વાદ માણતી સમાધિસ્થ બનીને ઊભી

રહી, અને ગોપબાલો તથા ગોપીઓનાં કાળજાંમાં અવનવી કવિતા થઇ.

સુપ્રિયા સુખના શાશ્વત અર્ણવમાં અવગાહન કરવા લાગી.

રાધાના જીવનમાં કૃતકૃત્યતાની વીણા વાગી : અસાધારણ સંવાદિતતા જાગી.

ચારે તરફ ચેતના ફરી વળી. નવી જ્યોતિ જાગી.

સૌના પ્રાણ સળવળી ઊઠ્યા.

રાધા તથા સુપ્રિયાને જાણે કે સહજ સમાધિ થઇ ગઇ. એમની વૃત્તિઆ ે નિશ્ચલ બની.

રાધાની આંખમાંથી અસ્ખલિત અશ્રુધારા ઢળવા માંડી.

એ જોઇને કૃષ્ણે જડચેતનને નવજીવનનું દાન દેનારી, પ્રેરણા પાનારી, અખૂટ રસપ્રવાહને વહેવડાવનારી, સ્વર્ગના સોપાન સરખી, વેણુના વાદનને બંધ કર્યું.

એ બંધ થતાંની સાથે જ સમસ્ત સૃષ્ટિ જાણે કે ઊંડી સુખમય, ભાવસમાધિમાંથી જાગી ઊઠી.

સૃષ્ટિ સુખશ્વાસ લેતાં સાર્થકતા પ્રકટ કરવા લાગી.

રાધાએ અશ્રુ લૂછ્યાં એટલે કૃષ્ણે કહ્યું :

'મારી વેણુના સ્વર તને રડાવવા માટે જ છે?'

રાધા બોલી :

'મને જે અશ્રુ આવે છે એ આકસ્મિક રીતે જ આવી જાય છે.

હું એમને રોકી નથી શક્તી. એ અશ્રુ દુઃખનાં નથી, વિષાદનાં પણ નહિ. એની પાછળ એક જાતનો અવર્ણનીય આનંદ રહેલો છે. તારી વેણુમાંથી છૂટેલા સુમધુર સ્વર મારા



અંતરમાં ઊંડે ઊંડે ઊતરી જાય છે. એ મને ચિરપરિચિત લાગે છે. મારા અણુપરમાણુને એ આકર્ષે છે અને તારી સાથે એક થવા પ્રેરિત કરે છે. એમના શ્રવણથી સૂધબૂધ ભૂલી જઉં છું, દેહભાવથી પર થઉં છું, ને સમાધિમાં લીન બનું છું. અશ્રુ એ અદ્‌ભુત આનંદાનુભવના આભાસ છે.'

'વેણુના આ સ્વર છેક જ સુધામય છે.' સુપ્રિયા બોલ્યા વિના ના રહી શકી; 'એમની સરસતાનું વર્ણન સંપૂર્ણપણે કોણ કરી શકે? મારી અંદર તો એ શક્તિ નથી જ એમના શ્રવણથી મોટા મોટા મુનિનાં મન પણ મુગ્ધ થઇ જાય ને સમાધિસ્થ ઋષિ પણ સમાધિમાંથી જાગી જાય તો પછી અમારું તો કહેવું જ શું? વેણુના સ્વર અમને ખૂબ જ ગમે છે. એમ થાય છે કે એમને દિવસ રાત સાંભળ્યા જ કરીએ.'

'સુપ્રિયાએ મારા ભાવોને વાચા આપી છે. મને પોતાને પણ એવું જ થાય છે. બંસીના સુમધુર સ્વર આગળ બીજું બધું જ ભુલાય જાય છે ને ગૌણ થાય છે. વાછરડાં એમને સાંભળીને દૂધ પીવાનું છોડી દઇને સ્તબ્ધ અથવા ભાવવિભોર બનીને ઊભાં રહે છે તો પછી માનવ તો મંત્રમુગ્ધ બને જ એમાં શી નવાઇ છે?'

★ ★ ★

કૃષ્ણ અને રાધા પછી તો લગભગ રોજ મળવા માંડ્યાં.

એમના પ્રાણનો પ્રથમ પરિચયે જ પ્રકટેલો પ્રેમ દિવસે દિવસે વધારે પ્રબળ બનવા લાગ્યો.

ગોપ—ગોપીઓને એ પ્રેમને જોઇને આનંદ થવા લાગ્યો.

રાધા તથા કૃષ્ણને સાથે જોઇને એ પોતાનાં લોચનને ધન્ય

માનવા લાગ્યાં.

વૃંદાવન અને ગોકુલની બધી જ લીલાઓમાં સુપ્રિયા અને રાધા કૃષ્ણની સાથે રહેતી.

એમને એથી અપાર આનંદ મળતો.

સુપ્રિયાએ વાતવાતમાં એક રાતે રાધાને કહ્યું પણ ખરું :

'તારું આ વખતનું અહીં આવવાનું સફળ થઇ ગયું.'

'કેમ?'

'કેમ તે મારે કહેવું પડશે? તને નથી ખબર કે સૌ કોઇને વશ કરનાર કૃષ્ણ તારા પ્રેમથી વશ થઇ ગયો છે?'

'એ મારા પ્રેમથી બંધાયો છે કે હું એના પ્રેમથી બંધાઇ છું?'

'તમે બન્ને પારસ્પરિક પ્રેમભાવથી બંધાયાં છો.'

'અમારા પ્રેમની એ જ વિશેષતા છે. બાકી કૃષ્ણ કોઇનાથી બંધાય ખરો? મારુ ભાગ્ય એટલું બળવાન, નહિ તો આવું બની જ ના શકે. ગોકુલની પવિત્ર ભૂમિમાં મેં આ વખતે કોઇ ધન્ય ગ્રહનક્ષત્રમાં પગ મૂક્યો લાગે છે. કૃષ્ણનાં દૈવી દર્શનને કૃષ્ણની કૃપાદૃષ્ટિનો લાભ મારા જેવી સાધારણ છોકરીને ક્યાંથી મળી શકે?'

'તું સાધારણ નથી, અસાધારણ છે, રાધા! અસાધારણમાં પણ અસાધારણ. માટે જ કૃષ્ણના પવિત્ર પ્રેમની અધિકારિણી બની શકી છે. એવો પ્રેમ કાંઇ જેના તેના નસીબમાં નથી હોતો. તેં પૂર્વે પ્રખરમાં પ્રખર તપ કર્યું હશે, અણિશુદ્ધ ઉત્કટ ઉપાસના કરી હશે, ને વ્રત, યમ તથા નિયમોના પરિપાલનપૂર્વક જીવનને સાધનાપરાયણ બનાવ્યું હશે. એને લીધે જ તને આવા ઉત્તમોત્તમ પ્રસંગની પ્રાપ્તિ થઇ છે.'



રાધા કાંઇક વિચારમાં પડી ને બોલી :

'તારાં વચનો મને અત્યંત ભાવભીનાં, સ્નેહાર્દ્ર ને મીઠાં લાગે છે. પૂર્વના તપવ્રત કે કર્મોની તો મને કશી ખબર નથી, પરંતુ એટલું અવશ્ય સાચું છે કે મારું અંતર કૃષ્ણ પ્રત્યે સ્વાભાવિક રીતે જ અનુરાગનો અનુભવ કરતાં આકર્ષાયા કરે છે. આજથી નહિ, એનો પ્રથમ પરિચય થયો ત્યારથી જ, સરિતા સાગર તરફ ના આકર્ષાય તો બીજે ક્યાં, કોના તરફ આકર્ષાય? કૃષ્ણ મારા હૃદયરૂપ, જીવનરૂપ અથવા પ્રાણના પડછંદારુપ લાગે છે. એનો મારા પર પ્રેમ છે એ અતિશય આનંદની વાત છે. એને માટે હું તારી પણ આભારી છું.'

'મારી? મેં તારે માટે શું કર્યું છે?'

'ખૂબ ખૂબ કીંમતી કાર્ય કર્યું છે, સુપ્રિયા! તેં મારી પ્રત્યે સહાનુભૂતિ બતાવી, મને સાથ આપ્યો, ને સ્નેહ ચખાડ્યો. એ કાર્યને ઓછું મહત્ત્વનું ના માનતી.'

સુપ્રિયા બોલીઃ

'મેં તો એક સાચી સ્નેહાળ સખી તરીકેનો મારો ધર્મ જ બજાવ્યો છે.'

'એ કાંઇ ઓછું છે? તારા જેવી સરસ સખી પણ પૂર્વના કોઇ પુણ્યકર્મના પરિણામે જ પ્રાપ્ત થઇ હશે.'

બન્ને સખીઓ ભાવવિભોર બનીને એકમેકને વળગી પડી.

સુપ્રિયાની આંખમાં આસું આવી ગયાં.

**(ક્રમશઃ)**